Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુ.૮૬

પુસ્તક ૮૬

# શ્રી આત્માનંદ પ્રકાશ

વિક્રમ સંવત ૨૦૪૫ સને ૧૯૮૮-૮૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



## નૂતન વર્ષની નવલી પ્રભાતે

ચાલો આજે સંકલ્પ કરીએ
મૈત્રી ભાવથી ભાવિત જીવન
નમ્રતામય વ્યવહાર
વિવેક પૂર્વકનું વર્તન
નીતિમત્તા પૂર્ણ વ્યાપાર
વડિલો પ્રત્યે વિનય
નાનાઓ પ્રત્યે વાત્સલ્યનો.



માનદ્ તંત્રી : શ્રી કે. જે. દોશી એમ. એ.
માનદ્ સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા એમ.એ. એમ.એડ્.

પુસ્તક : ૮૬ કારતક આત્મ સંવત ૯૪
નવેમ્બર વીર સંવત ૨૫૧૩
અંક : ૧ ૧૯૮૮ વિક્રમ સંવત ૨૦૪૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | હૈમ-સાહિત્ય | — | ૧ |
| ૨. | નૂતન વર્ષના મંગલ પ્રભાતે | શ્રી હીરાલાલ બી શાહ | ૨ |
| ૩. | શ્રીમદ્ હેમચન્દ્રાચાર્ય | શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ | ૫ |
| ૪. | શીલનું વ્યાપક સ્વરૂપ | મૂ.પ્ર.આ. શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મ.<br>ગુ. રૂ. ડૉ. કુમારપાળ દેસાઈ | ૮ |
| ૫. | સંકલન સમાચાર | કુ. જ્યોતિબેન પી. શાહ | ૧૭ |
| ૬. | આચાર્ય હેમચન્દ્રસૂરિ | કે જે. દોશી | ૧૮ |


## યાત્રા પ્રવાસ–૧

**માન્યવર સભાસદ બંધુઓ અને સભાસદ બહેનો**

સહર્ષ જણાવવાનુ કે સંવત ૨૦૪૫ના કારતક વદ બીજી દશમ રવીવારે તા. ૪-૧૨-૮૮ ના રોજ શેત્રુંજી ડેમ તીર્થ સ્થાને યાત્રા કરવા જવાનું છે નીચેના સદ્ગૃહસ્થો તરફથી સવારે ૯-૦૦ વાગે તથા બપોરે સ્વામીભક્તિ કરાવવામાં આવશે તેમજ દહેરાસરમાં પૂજા ભણાવવામાં આવશે.

૧. શ્રી પ્રેમચંદ માધવજી તથા સ્વ, કુસુમબેન તથા સમજુબેન.
૨. શ્રી નાનાલાલ કુંવરજી તથા અ. સૌ. અનોપબેન નાનાલાલ.
૩. શ્રી મણીલાલ ફુલચંદના ધર્મપત્ની લીલીબેન તથા પુત્ર અશોક મણીલાલ.
૪. શ્રી અમૃતલાલ રતીલાલ ભગતભાઇ તથા તેમના ધર્મપત્ની ચંદનબેન અમૃતલાલ.
૫. શ્રી સ્વ. રતીલાલ રામજીભાઇ તથા તેમના ધર્મપત્ની વસંતબેન રતીલાલ.

આપશ્રીને ઉપરોકત કાર્યક્રમ મુજબ તા. ૪-૧૨-૮૮ ના રવિવારે સવારના ૯-૦૦ વાગે ડેમ તીર્થ ઉપર પધારવા આમંત્રણ છે.

## યાત્રા પ્રવાસ–૨

શ્રી ઘોઘા તીર્થ ઉપર સંવત ૨૦૪૫ના માગશર વદી નોમ રવીવાર તા. ૧-૧-૮૯ના રોજ યાત્રા કરવા જવાનું છે. ત્યાં પૂજા ભણાવવામાં આવશે અને નીચેના સદ્ગૃહસ્થો તરફથી સવાર અને બપોર સ્વામીભક્તિ કરવામાં આવશે.

૧. શ્રી કાન્તીલાલ લવજીભાઇ તથા સ્વ. પદ્માબેન કાન્તીલાલ.
૨. શ્રી ખીમચંદ પુરૂષોત્તમ બારદાનવાળા તથા અ. સૌ. હરકોરબેન જેરાજ.
૩. શ્રી કુસુમબેન રમણીકલાલ સંઘવી તથા પદ્માબેન રસીકલાલ સંઘવી.
૪. શ્રી રતીલાલ ગોવિંદજી શાહ તથા વસંતબેન રસીકલાલ શાહ.
૫. લક્ષ્મીબેન માણેકચંદ નાણાંવટી હ રમણીકલાલ માણેકચંદ નાણાંવટી.

આપશ્રીને તા. ૧-૧-૮૯ને રવીવારના રોજ પધારવા આમંત્રણ છે.

**શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર**

તા. ક. : આ આમંત્રણ ફક્ત મેમ્બરો માટે જ છે. કોઈ મેમ્બર સાથે ગેસ્ટ હશે તો તેની એક ગેસ્ટની ફી રૂા ૧૫-૦૦ લેવાનું નક્કી કરેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય



આત્માનંદ પ્રકાશ-ભાવનગર. કાર્તિક ૨૦૪૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ધંધુકા સોસાયટી દેરાસરજીમાં પ્રતિષ્ઠિત
## પ્રાચીન (સં. ૧૨૫૭ની) ગુરુમૂર્તિ




પરમાર્હત કુમારપાળપ્રતિબોધક, અઢાર દેશમાં જીવદયાનો અમારી પહડ વગડાવનાર સાડાત્રણ ક્રોડ શ્લોકના રચયિતા કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજ.

જન્મ સં. ૧૧૪૫ કાર્તિક સુદી ૧૫ ધંધુકા,

દિક્ષા સં. ૧૧૫૪ ખંભાત, આચાર્યપદ સં. ૧૧૬૬,

સ્વર્ગવાસ સં. ૧૨૨૯. પાટણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.
માનદ્ સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા એમ.એ.; એમ.એડ.

વર્ષ : ૮૬] ● વિ. સં. ૨૦૪૫ કારતક-નવેમ્બર-૮૮ ● [અંક : ૧

## હૈમ-સાહિત્ય

क्लृप्तं व्याकरणं नवं विरचितं छन्दो नवं द्व्याश्रया-
लंकारौ प्रथितौ नवं प्रकटितं श्री योगशास्त्रं नवम् ॥
तर्कः सञ्जनितो नवो जिनवरादीनां चरित्रं नवम् ।
बद्धं येन न केन केन विधिना मोहः कृतो दूरतः ॥

જેણે નવું વ્યાકરણ, નવું છન્દશાસ્ત્ર, નવું દ્વાશ્રય, નવું અલંકારશાસ્ત્ર, નવું તર્કશાસ્ત્ર, અને નવા જિનચરિતો રચેલ છે અને તેણે (શ્રી હેમચન્દ્રાચાર્યજીએ) આમ કરીને કઇ કઇ રીતે આપણો મોહ દૂર કર્યો નથી?

શ્રી સોમપ્રભસૂરિના શતાર્થ કાવ્યમાંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતન વર્ષના મંગલ પ્રભાતે

શ્રી હીરાલાલ બી. શાહ પ્રમુખ

"શ્રી આત્માનંદ પ્રકાશ" માસિક ૮૫મે વર્ષો પૂરા કરીને ૮૬ માં વર્ષમાં પ્રવેશ કરે છે. એ આપણાં બધાને માટે ખૂબ જ ગૌરવનો વિષય છે.

"શ્રી આત્માનંદ પ્રકાશ" આત્મજ્ઞાનની પમરાટ પ્રસરાવતુ, સદ્જીવન અર્થે અમૃતપાન કરાવતું, કોઇપણ પ્રકારની જાહેર ખબર લીધા સિવાય, પ્રગતિના પંથે નિશ્ચિત કદમ સાથે આગળ વધી રહ્યું છે.

અમો માસિકમાં વિદ્વાન પૂ. ગુરૂ ભગવંતોના લેખો, વિદ્વાન ભાઇઓ અને બહેનોના લેખો, જૈન ધર્મના તત્વજ્ઞાનના લેખો, કર્મ અને ભક્તિના લેખો અને જૈન ઇતિહાસના લેખો રજુ કરીને યથાશક્તિ જૈન શાસનની સેવા કરવા અભિલાષા રાખીએ છીએ. આત્મોન્નતિ અને સમાજોન્નતિ તરફ પ્રેરે એવા સમાચારો પણ પ્રગટ કરીએ છીએ.

શ્રી આત્માનંદ સભાની અન્ય પ્રવૃત્તિઓ ઉપર જરા નજર કરીએ.

છેલ્લા આઠ વર્ષમાં આ સભાએ બાર પુસ્તકો પ્રગટ કરેલ છે. જૈન સાહિત્યના તેમજ ભારતીય સમગ્ર દાર્શનિક સાહિત્યના તલસ્પર્શી જ્ઞાતા તેમજ આગમ સંશોધક પરમ પૂજ્ય મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબે અથાક પરિશ્રમ કરીને સંશોધત કરેલ અને સંપાદિત કરેલ શ્રી દ્વાદશારંનયચક્રમ્ ભાગ ત્રીજાનું ઉદ્‌ઘાટન પૂજ્ય મહારાજ શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબ અને અન્ય મુનિ મહારાજ સાહેબોની નિશ્રામાં શેઠ શ્રી જાદવજીભાઈ લાલજીભાઇ એન્કરવાલાના શુભ હસ્તે સંવત ૨૦૪૪ના મહા શુદ ૮ ના રોજ પાલીતાણા મુકામે કરેલ હતુ. દ્વાદશારંનયચક્રમ્‌ના ત્રણે પુસ્તોકોનુ પ્રકાશન શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરે કરેલ છે.

આ સભા પોતાના જ મકાનમાં "જાહેર ફ્રી વાંચનાલય" ચલાવે છે. ભાવનગર, રાજકોટ, અમદાવાદ અને મુંબઈના દૈનિક છાપાઓ વાંચવા મૂકવામાં આવે છે. તે ઉપરાંત ધાર્મિક અને અન્ય માસિકો પણ વાંચવા માટે મૂકવામાં અ વે છે. અનેક વ્યક્તિઓ તેનો સારો લાભ લે છે.

આ સભા સ રી લ ઇબ્રેરી ચલાવે છે. જેની અંદર જૈનધર્મના પ્રતો, જૈન ધર્મના પુસ્તકો, સંસ્કૃત-પાકૃત પુસ્તકો, અંગ્રેજી પુસ્તકો, હિન્દી પુસ્તકો અને ગુજરાતી પુસ્તકો અને નોવેલો વગેરે છે. જેનો લાભ પ. પૂ. ગુરૂ ભગવતો અને પૂ. સાધ્વીજી મહારાજ સાહેબો ચોમાસા દરમ્યાન અભ્યાસ માટે તેમજ વ્યાખ્યાનમાં પ્રવચન આપવા માટે સારા પ્રમાણમાં લે છે. જૈન અને જૈનેતર ભાઈઓ અને બહેનો વર્ષ દરમ્યાન સારા પ્રમાણમા લાભ લે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**ધાર્મિક પ્રવૃત્તિઓ :—**

૧. સંવત ૨૦૪૪ ના કારતક વદ ત્રીજને રવિવારના રોજ શેત્રુંજી ડેમ તીર્થયાત્રા કરવા ગયા હતા. સારી સંખ્યામાં સભ્યો આવેલ હતા, ખૂબજ આનંદ અને ભક્તિપૂર્વક પૂજા ભણાવવામાં આવી હતી. સવાર સાંજ સ્વામીભક્તિ કરવામાં આવી હતી.

૨ સવંત ૨૦૪૪ ના માગશર વદી અમાસને રવિવારના રોજ શ્રી ઘોઘા તીર્થયાત્રા કરવા ગયા હતા. ખૂબ જ સારી સંખ્યામાં સભ્યો આવેલ હતા. રાગરાગણીપૂર્વક પૂજા ભણાવવામાં આવી હતી, સવાર સાંજ આવેલ સભ્યોની સ્વામીભક્તિ કરવામાં આવી હતી.

૩ સંવત ૨૦૪૪ ના મહા વદ ૪ ને રવિવારના રોજ શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર યાત્રા કરવા ગયા હતા. શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર આદીશ્વર ભગવાનની મોટી ટૂંકમાં નવ્વાણુ પ્રકારની પૂજા ભણાવવામાં આવી હતી. આવેલ સભ્યોની સવાર બપોર ભક્તિ કરવામાં આવી હતી. બન્ને ટાઈમ ગુરુ ભક્તિ કરવામાં આવી હતી.

૪. પરમ પૂજ્ય ગુરૂદેવ શ્રી આત્મારામજી મહારાજનો ૧૫૨ મો જન્મ મહોત્સવ શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર સંવત ૨૦૪૪ ના ચૈત્ર શુદી એકમને સોમવારના રોજ આ સભા તરફથી ઉજવવામાં આવ્યો હતો. શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટૂંકમાં પૂજા ભણાવવામાં આવી હતી. આવેલ સભ્યોની ભક્તિ કરવામાં આવી હતી, સવાર બપોર ખૂબ જ ઉલ્લાસપૂર્વક ગુરુ ભક્તિ કરવામાં આવી હતી.

૫ આ સભાનો ૯૨ મો વાર્ષિક ઉત્સવ શ્રી તાલધ્વજગીરી ઉપર સંવત ૨૦૪૪ના પ્ર. જેઠ વદ ૬ ને રવિવારના રોજ ઉજવવામાં આવ્યો હતો. તાલધ્વજગિરિ ઉપર પાર્શ્વનાથ ભગવાનના દેરાસરમાં ભક્તિપૂર્વક પૂજા ભણાવવામાં આવી હતી સવાર બપોર આવેલ સભ્યોની સ્વામીભક્તિ તેમજ ગુરુભક્તિ કરવામાં આવી હતી.

**અન્ય પ્રવૃત્તિઓ :—**

૧. સંવત ૨૦૪૪ ના કારતક શુદ એકમના રોજ બેસતા વર્ષની ખુશાલીમાં મંગળમય પ્રભાતે સવારના સભ્યોનુ સ્નેહમિલન રાખવામાં આવ્યુ હતું. અને દુધ પાર્ટી રાખવામાં આવી હતી.

૨. સંવત ૨૦૪૪ ના જ્ઞાનપંચમીના રોજ સભાના હોલમાં કલાત્મક રીતે જ્ઞાન ગોઠવવામાં આવ્યા હતા. જ્ઞાન પૂજા કરવામાં આવી હતી. ખૂબ જ સારી સંખ્યામાં ભાઈઓ અને બહેનોએ દર્શનનો અને જ્ઞાનપૂજાનો લાભ લીધો હતો.

૩ **વકતૃત્વ સ્પર્ધા** :— યુવાશકિત સંશોધનનાં ઉત્કૃષ્ટ પ્રયોગ તરીકે "વર્તમાન યુગમાં શ્રીપાળ રાજા અને મયણાસુંદરીનું જીવન આપણને શું કહી જાય છે?" તે વિષય ઉપર વકતૃત્વ સ્પર્ધા સવંત ૨૦૪૪ ના વૈશાખ સુદી આઠમને રવિવારે યોજવામાં આવી હતી. દશ બહેનો અને ચાર ભાઇઓએ નીડરતા, આત્મવિશ્વાસ સાથે સુંદર શૈલીથી શ્રીપાળ રાજા અને મયણાસુંદરીના જીવનના રહસ્યો રજુ કર્યા હતા. પ્રથમ ત્રણ વિજેતાઓને ઈનામો આપવામાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવ્યા હતા અને દરેક સ્પર્ધકને જંબૂસ્વામીચરિત્રનું પુસ્તક આપવામાં આવ્યું હતું. ધાર્મિક પુસ્તકોના વાંચકો તૈયાર કરવા માટે સ્પર્ધા યોજવામાં આવી હતી.

૪. આ સભા દ્વારા ભાવનગરમાં રહેતા યુવાન ભાઈઓ અને બહેનો માટે જૈન કથા લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સતી, સંતો અને મહાપુરૂષોના જીવન પર પોતાની આગવી ભાષામાં લખાએલી ત્રીસ કથાઓ સભાને પ્રાપ્ત થઈ હતી. આ સ્પર્ધાના ઈનામ વિતરણનો કાર્યક્રમ સંવત ૨૦૪૪ના અષાઢ શુદી દશમને રવિવારે સભાના હોલમાં યોજાયો હતો. પ્રથમ પાંચ આવનારને અનુક્રમે રૂા. ૧૦૧, ૭૧,૫૧, ૪૧, ૩૧ના ઈનામો આપવામાં આવ્યા હતા. ૮૦% થી વધુ માર્કસ મેળવનાર સાત સ્પર્ધકોને રૂા. ૨૧ અને બાકીના અઢાર સ્પર્ધકોને પ્રોત્સાહન ઇનામ તરીકે રૂા. ૧૫ આપવામાં આવ્યા હતા. જૈન સાહિત્યનો પ્રચાર થાય અને ઘરે-ઘરે આપણું સાહિત્ય વંચાતુ થાય તેવા શુભ ઉદ્દેશથી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું.

૫. ભાવનગર જૈન શ્વે. મૂ. સંઘમાંથી જરૂરીયાતવાળા કોલેજના વિદ્યાર્થી ભાઇઓને આ વર્ષ દરમિયાન રૂા. ૩૬૩૫ (રૂા. ત્રણ હજાર છસો પાંત્રીસ) ની શિષ્યવૃત્તિ આ સભા તરફથી આપવામાં આવી હતી, સંસ્કૃત ભાષાના ઉત્તેજન માટે ભાવનગર જૈન શ્વે. મૂ. સંઘમાંથી ૧૯૮૮ની સાલમાં S. S. C. પરીક્ષામાં સંસ્કૃત વિષય લઈને અને સંસ્કૃતમાં ૮૦ ટકા ઉપર માર્ક મેળવીને પાસ થયેલા હોય તેવા ૨૦ વિદ્યાર્થી ભાઇઓ અને બહેનોમાંથી પ્રથમ આવનારને રૂા. ૧૦૧, અને બાકીના બધા ૧૯ ને રૂા. ૫૧, ના પારિતોષિક આ સભા તરફથી આપવામાં આવ્યા હતા.

૬. સંવત ૨૦૪૪ ની સાલ દરમ્યાન ત્રણ પેટ્રનો અને અગીયાર નવા લાઈફ મેમ્બરો થયા હતા.

૭ આચાર્ય શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ અંગે ગુરુભક્તિ નિમિત્તે આ સભાના હોલમાં સંવત ૨૦૪૪ના આસો શુદી દશમને ગુરુવારે શ્રી પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી અને પ્રભાવના કરવામાં આવી હતી.

૮. "દ્વાદશારં નયચક્રમ્" ભાગ ૧-૨-૩. (સંપાદક પ પૂ. જંબૂવિજયજી મ. સાહેબ) સ્ત્રી નિર્વાણ-કેવલી ભુક્તિ પ્રકરણે (સંપાદક પ પૂ. જંબૂવિજયજી મ. સાહેબ), જિનદત્ત કથાનકમ્ (સંપાદિકા પૂ. સાધ્વીજી ઓંકારશ્રીજી', પાકૃત વ્યાકરણમ્ અષ્ટમો અધ્યાય નવ પરિશિષ્ટ સહિત (સંપાદક પ. પૂ વજ્રસેનવિજયજી મ. સાહેબ) અને બીજા અન્ય પુસ્તકો પરદેશ અને ભારતના જૈન અને જૈનતર વિદ્વાનો જૈનદર્શન અને વ્યાકરણના અભ્યાસ માટે મંગાવે છે અને આ સભા તેઓશ્રીને મોકલે છે.

આ સભાના કાર્યવાહકો, પેટ્રન સાહેબો, આજીવન સભ્યો, વિદ્વાન લેખકો અને લેખિકાઓ, અને સભાના હિતેચ્છુઓએ જે સાથ અને સહકાર આપેલ છે તે સહુનો ખુબજ આભાર માનવામાં આવે છે તમારા સહુના જીવનને હર્ષ, ઉલ્લાસ અને ઉન્નતિના માર્ગે પ્રેરે તેવી પ્રાર્થના અને શુભેચ્છા સાથે નૂતન વર્ષાભિનંદન.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમદ્ હેમચન્દ્રાચાર્ય

શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇ

કલિસર્વજ્ઞ ! ત્રિકાળ વંદન હો !!!
સિદ્ધરાજ કુમાર પ્રતિબોધી
મહિમા વધાર્યો જૈન શાસન હો ! ૧
અમારી-પડહ વજડાવી જન્તુ
દાન અભય દીધું હેમ સુધન્ય હો ! ૨
ધવલ કીર્તિ ગીત ગાઇએ ત્હારા,
ગુર્જરબાલ થઇ સુપ્રસન્ન હો ! ૩

'કલિકાલસર્વજ્ઞ' એ નામનું ઉત્તમ બિરુદ ધરાવનાર, ગુજરાતની પ્રજામાં શ્રી કુમારપાળ રાજવી દ્વારા અમારી-પડહ વજડાવી માંસાહાર-મદિરાપાનને દેશવટો અપાવનાર, અખંડ આ-જન્મ બ્રહ્મચારી શાસનપ્રભાવક મહામુનિ શ્રીમદ્ હેમચન્દ્રાચાર્યશ્રી કોણ અપરિચિત છે? જૈન તેમજ જૈનેતર સર્વ શિક્ષિત જગતમાં તેમનું નામ સજીવન, જવલંત અને પ્રસિદ્ધ છે.

લઘુવયે દીક્ષા–નૈષ્ઠિક બ્રહ્મચર્ય–દીર્ઘજીવન–ગુજરાતમાં ધંધુકા નગરમાં સં. ૧૧૪૫ની કાર્તિક પૂર્ણિમાએ મોઢ વણિકને ત્યાં જન્મ, પ્રભાવકચરિત્ર અનુસાર બાલકની સવાપાંચ વર્ષની વય થાય છે ત્યારે સં. ૧૧૫૦ના માઘ શુદિ ૧૪ ને શનિવારે ફક્ત એની માતાની આજ્ઞા લઇ ખંભાત આવી દેવચન્દ્રસૂરિ નામે જૈનાચાર્ય તેમને દીક્ષા આપે છે. તે ચંગદેવ મટી સોમચન્દ્ર બને છે. આ દીક્ષા વય સ્વીકારીએ તો બાલ ગણી તેને દીક્ષોચિત સ્વીકારવામાં આવી નથી તે ગણુતરીએ આ દીક્ષા પણ વજ્રસ્વામીની માફક 'કાદાચિત્કી આશ્ચર્યભૂત'-અપવાદ જનક લેખાય, પણ તે બાલક પછી મહાન આચાર્ય બને છે, એટલે આ દીક્ષા યોગ્ય સ્વીકારાય. દીક્ષા દેનાર પણ વિદ્વાન ગ્રન્થકાર આચાર્ય હતા. તેમણે પ્રભાવક ચરિત્ર પ્રમાણે માતાના સ્વપ્ન અને દોહલા ઉપરથી અને બાલકના અંગ પ્રત્યે ગાદિના લક્ષણો પરથી સૂચિત મહત્તા તેમાં પારખી હશે, ત્યારેજ પિતાને પૂછયા વગર વચના શાસ્ત્રમાન્ય ધોરણથી પણ ઓછી વયે દીક્ષા આપી હશે.

અન્ય સાધન પરથી જણાય છે આઠ કે નવ વર્ષની વયે દીક્ષા અપાઈ હતી, તો શાસ્ત્રની વયમર્યાદાનો લોપ થતો નથી. આ મુનિપુંગવે નૈષ્ઠિક બ્રહ્મચર્ય સેવ્યું. ૧૭ વર્ષની વયે તો તેમની પ્રતિભાથી મુગ્ધ થઈ ગુરુ આચાર્યે તેમને 'હેમચન્દ્ર' એવું બીજું નામ આપી આચાર્યપદ આપ્યું. તેમણે ૮૪ વર્ષ જેવું લાંબુ આયુષ્ય ગાળ્યું. સિદ્ધરાજ અને કુમારપાળ બંને ગુર્જરેશ્વરના રાજ્યકાળમાં તેઓ જીવન્ત હતા.

સમદર્શિતા :- હેમાચાર્ય પોતાની સ્યાદ્વાદ પ્રરૂપતા દર્શન માટે કહે છે કે :—

"હે પ્રભુ! પરસ્પર સ્વપક્ષ અને પ્રતિપક્ષના ભાવથી પ્રેરિત જુદા જુદા પ્રવાદો છે, તેમ તારા સિદ્ધાન્તમાં નથી કારણ કે તેમાં જુદી જુદી દૃષ્ટિઓથી એક જ વસ્તુને જોઈ શકાય એમ બતાવેલું હોવાથી તેમાં પક્ષપાત રહેતો નથી—એકપક્ષી પણ નથી।(દ્વાત્રિંશિકા) વગેરે વગેરે.

એજ સ્યાદ્વાદની દૃષ્ટિથી અન્ય દર્શનો પ્રત્યે પોતે જુએ છે અને તે તે દર્શનના મુખ્ય દેવોને સદ્દેવની વ્યાખ્યા પ્રમાણે સંગત હોય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તો, પોતે નમસ્કાર કરવામાં જરાયે આનાકાની કરતા નથી.

"જેના ભયરૂપી બીજના અંકુરોને ઉત્પન્ન કરનારા રાગાદિ ક્ષય થઈ ગયા છે તે બ્રહ્મા હો કે વિષ્ણુ હો, શિવ હો કે જિન હો તેમને નમસ્કાર છે." વગેરે વગેરે.

**પંડિતા સમદર્શિનઃ।** પંડિતો સમદૃષ્ટિ હોય છે. સમદર્શી થઈ સર્વેએ પોતપોતાના ધર્મ પ્રત્યે પ્રેમ રાખી બીજાના ધર્મ પ્રત્યે પણ આદર દાખવી ચાલવું જોઈએ, એ બોધ આ મહાન્ આચાર્યના જીવન અને કથન પરથી પ્રાપ્ત થાય છે.

**સાહિત્યસર્વજ્ઞ :-** સાહિત્ય પ્રદેશમાં એવો એકે વિષય નહોતો કે જેમાં આ આચાર્યે પારંગતપણું મેળવ્યું ન હોય, કાવ્ય, અલંકાર, વ્યાકરણ, નામકોશ, છંદ, ન્યાય નિઘંટુકોશ, યોગ અને ચરિત્રકથા એ સર્વે પર તે દરેક વિષયના પ્રમાણભૂત તત્કાલીન ગ્રન્થો પર દક્ષતાથી કરેલા અભ્યાસવડે પ્રભુત્વ મેળવી, તેના દોહનરૂપે તેમજ પોતાની પ્રતિભાનો ઉપયોગ કરી, તે દરેક પર પોતે ગ્રન્થો રચ્યા છે- એ પરથી તેઓ તત્કાલીન સાહિત્યસર્વજ્ઞ અને સાહિત્યસર્જક હતા. એ નિર્વિવાદ છે તેથી તે કાળે તેમને 'કલિકાલસર્વજ્ઞ' એવું બિરૂદ આપવામાં આવ્યું તેમાં આશ્ચર્ય પામવા જેવુ નથી

તેમની પહેલાં, ગુજરાતમાંથી કોઈ વિદ્વાન થયો નહોતો કે જેણે તેમના જેવા આકરા ગ્રન્થો કોઈ પણ સાહિત્ય વિષય પર રચ્યા હોય. ગુજરાતની અસ્મિતામાં રાચનાર તો આ ગુજરાતી મહાવિદ્વાન માટે વાસ્તવિક અભિમાન લઈ શકે તેમ છે. તેમના યુગમાં સાહિત્યના યુગસર્જક તો હેમાચાર્યજ અને તેથી તે યુગને 'હૈમયુગ' કહેવો તે અન્વર્થક છે.

દેશીભાષા લોકસાહિત્યના પ્રાણાચાર્ય :— સંસ્કૃત વ્યાકરણના સર્જક પાણિનિ, તો પ્રાકૃત અને ખાસ કરી અપભ્રંશ ભાષાના-લોકભાષાના પાણિનિ તે હેમચન્દ્ર. અપભ્રંશનું વ્યાકરણ રચી તેના ઉદાહરણાર્થે જે દોહાઓ આદિ આપેલ છે તે સ્વયંરચિત નહિ પણ તત્કાલીન જીવંત રહેલ ગ્રન્થો પૈકીમાંથી આપીને (તે ગ્રન્થો હાલ ઉપલબ્ધ નથી) તે વખતના લોકસાહિત્યને તેમણે જીવંત રાખ્યું છે. હાલની પ્રચલિત દેશી ભાષાઓનું મૂળ તે અપભ્રંશ ભાષા. પ્રાયઃ હેમચન્દ્રના સમયની તે દેશની દેશભાષા. તેના માટે દેશીનામમાલા એ નામનો કોશ બનાવીને તેમણે આપણી ભાષાની ઉત્પત્તિ, વિકાસ અને વિસ્તારને પારખવામાં જબરી સહાય આપી છે.

સાક્ષરવર્ય આનંદશંકરભાઈ ધ્રુવે કહ્યું છે કે 'જેનું વ્યાકરણ હેમચન્દ્રે ઘડયું છે તે અપ્રભંશ એટલે એક સ્થિર અવિકારી ભાષા-એમ મનાઇ છે, તેને બદલે હવે તેનો જીવન્ત ભાષા તરીકે અભ્યાસ થવો ઘટે છે. શ્રી હેમચન્દ્ર વગેરેએ ઉચ્ચારેલા ઉદાહરણ જોતા કેટલુંક સાહિત્ય જૈનેતર થકી પણ રચાયેલું હોય તો તે સંભવિત છે. તે શોધવા આપણે પ્રયત્ન કરવો જોઈએ આપણે ગુજરાતમાં આવ્યાના ઈતિહાસ ઉપરથી આપણી ભાષાનો ઉદ્ભવ પ્રાચીન આર્યભાષા પછી સંસ્કૃત પછી પાલી પછી શૌરસેની પ્રાકૃત પછી શૌરસેની અપભ્રંશ અને તે ઉપરાંત ગુર્જરોની મૂળભાષ પૈશાચી.

આચાર્ય હેમચન્દ્ર સામાજિક અને સાહિત્યવિષયક પ્રવૃત્તિમાં અને જૈન ધર્મની ઉન્નતિમાંજ પોતાના જીવનનો સવિશેષ ભાગ ગુરુની આજ્ઞાથીજ, પાટણમાંજ-ગુજરાતમાંજ વિતાવ્યો હતો.

દારૂબંધી, પ્રાણી કતલનિષેધ, જુગારનિષેધ, મૃત મનુષ્યોનું ધન રાજ્યે ન લેવું વગેરે અનેક સકલ સમાજને ઉપયોગી કાર્યો રાજ્યમાં પોતાના પ્રભાવથી કરાવ્યા હતા, તેની અસર ચાલી આવી છે અને હજુ સુધી તેના ચિહ્નો ગુજરાતમાં વિદ્યમાન છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૈન ધર્મની ઉન્નતિમાં જૈન મંદિરોનું નિર્માપન, દાનશાળાઓની સ્થાપના, દેવદ્રવ્ય અને ધર્માદા દ્રવ્યનું વ્યવસ્થાપન, વગેરે કાર્યો રાજ્યની સહાયથી કરાવ્યા હતા. તેમના શક્તિ એટલી હતી કે તે ધર્મનો એક અલગ પોતાના નામનો પંથ સ્થાપી શકત; પણ તેમ કરવાની તેમની ઇચ્છા પણ કરી નહોતી અને સર્વ પક્ષના આચાર્યો વગેરે સાથે સહકાર યા સમદૃષ્ટિ સેવી હતી.

ગુજરાતની અસ્મિતાનો પાયો નાખનાર જ્યોતિર્ધર :— સાહિત્ય સંમેલનમાં માનનીય મુન્શીજીએ કહ્યું છે કે "જો કોઇએ ગુજરાતને સસંકલ્પ જીવંત વ્યક્તિ તરીકે કલ્પવાનો પહેલો પ્રયત્ન કર્યો હોય તો તે ધંધુકાના મોઢ વાણીયાએ. ગુજરાતના સાહિત્ય સ્વામીઓના શિરોમણિ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિએ.

તેઓશ્રી પ્રત્યેનું ઋણ :— એમણે સર્જેલા-પ્રયોજેલા આકર ગ્રન્થોનું સ્પષ્ટ અને સર્વગ્રાહી ટિપ્પણો સહિત સંસ્કરણ વિદ્વાનો પાસે કરાવી બહાર પાડવું જોઈએ.

તેમના 'કાવ્યાનુશાસન' નામનાં ગ્રન્થનું અલંકાર ચૂડામણિ અને વિવેક નામની વૃત્તિ સાથેનું વિદ્દ્વર્ય શ્રી રસિકલાલ છોટાલાલ પરીખે ઈતિહાસ સંશોધનવાળી વિસ્તૃત અંગ્રેજી પ્રસ્તાવના સહિત સંસ્કરણ કર્યું છે તેમાં પ્રો. આથવળેએ અંગ્રેજી ટિપ્પણો આપી અભ્યાસી માટે ઉત્તમ સાધન પુરૂં પાડયું છે. તે બે વિદ્વાનો અને તેના પ્રકાશક મુંબઇની 'શ્રી મહાવીર જૈન વિદ્યાલય નામની સંસ્થાને ધન્યવાદ ઘટે છે.

## સ્વાગતાધ્યક્ષનું પ્રવચન

ધારાનગરીની વિદ્વત્તા તો શું પણ કાશ્મીર કાશી ઇત્યાદિ સર્વધામોની સાથે સ્પર્ધા કરી શકે તેવું વિદ્યાધામ પાટણને બનાવવાને સાહિત્યને અનેક સ્વરૂપે સર્જી 'કલિકાલસર્વજ્ઞ'નું નામ સાર્થક કરે છે, અને પાટણ તેમજ ગુજરાતનું સ્થાન સાહિત્યમાં અમર કરે છે. આપણે ન ભૂલીયે કે સાહિત્યને સંસ્કૃતિમાં સમાવી દઈ, સાહિત્યની ઇજારા પદ્ધતિને વિરોધ કરનાર વ્યાકરણ રચી, કમનસીબે મોટે ભાગે લુપ્ત થયેલ સાહિત્યમાંથી અનેક અવતરણ અને ઉલ્લેખ આપી, લોકસાહિત્ય પણ ઉચ્ચ સાહિત્ય છે. તેનું સમર્થન કરનાર તે લોકસાહિત્યકાર હતા, મૂલ્ય પરિવર્તનકારી સુધારક હતા.

—શ્રી કેશવલાલ અમરચંદ નગરશેઠ (પાટણ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શીલનું વ્યાપક સ્વરૂપ

મૂળ પ્રવચનકાર : આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મહારાજ સા.
ગુજરાતી રૂપાન્તર : ડો. કુમારપાળ દેસાઇ

**આ**ત્માનું સૌંદર્ય છે શીલ. વર્તમાન યુગમાં માનવી પોતાના શરીરની સુંદરતાનું જેટલું ધ્યાન રાખે છે એટલું ધ્યાન એણે અગાઉ કયારેય રાખ્યું નથી. હિસાબ કરીએ તો ખબર પડે કે દર મહિને દેશના લાખો-કરોડો રૂપિયા શારીરિક સુંદરતાની પાછળ ખર્ચાય છે. વળી, એની પાછળ વ્યક્તિ પોતાનો અમૂલ્ય સમય ગાળે એ વાત તો જુદી. બીજી બાજુ, આત્માને સુંદર બનાવવાની વાત ભુલાઈ રહી છે. લિપસ્ટીક, હેરઓઈલ, સેન્ટ, પાવડર, સ્નો અને ક્રીમનો ઉપયોગ, કેશવિન્યાસ જેવી બાહ્ય-સજાવટ કરે છે. તેમ જ શૃંગાર પ્રસાધનો દ્વારા ચહેરાને આકર્ષક બનાવવા કે શરીરને સુશોભિત-સૌંદર્યમય બનાવવાની પાછળ મોટા ભાગના લોકોનું ધ્યાન કેન્દ્રિત થયેલું છે. આ શરીરમાં બિરાજેલા આત્માને સજાવવાની કે સુશોભિત કરવાની બાબતની ઉપેક્ષા જ થઇ છે. વિલાસિતા, ઇન્દ્રિય-વિષયોમાં આસક્તિ, અશ્લીલ સિનેમા જેવાં કુદૃશ્યો, નિમ્ન કોટિના સાહિત્યનું પઠન-પાઠન, કામોત્તેજક અને માદક ચીજવસ્તુઓનું સેવન, મલિન વિચારો અને અઘટિત આચારો દ્વારા આત્મા પર કાલિમા લગાડવામાં આવે છે. મંદિરને ખૂબ શણગાર્યું હોય, એના પર સોના-ચાંદીના કળશ ચડાવ્યા હોય, પરંતુ એમાં બિરાજમાન દેવતા તરફ કોઇનું ધ્યાન જતું નથી. ભીતરનો આ દેવતા-આત્મા-વાસ્તવિક સૌંદર્ય અને તેજસ્વિતાથી અલિપ્ત રહેવા માંડયો છે. ભારતીય દર્શનોમાં શરીરને આત્માનું મંદિર માનવામાં આવે છે. આત્મા દેવતા છે. શરીર એનું મંદિર છે. એ સાચું છે કે શરીરરૂપી મંદિરની સંભાળ લેવી જોઈએ, પરંતુ આજે તો અમર્યાદ રીતે મંદિરની સંભાળ લેવામાં આવે છે અને આત્મદેવતાની લગભગ કોઈ સંભાળ લેવાતી નથી. આત્મ દેવતાની પૂજાને બદલે આજે શરીરપૂજા અધિક થઈ રહી છે.

હા, તો મારે કહેવું એ છે કે આત્મદેવતાની પૂજા અને એના સૌંદર્યની હિફાજત શીલ-પાલનથી થાય છે. આ વિષયમાં ધ્યાન આપવું વિશેષ જરૂરી છે. આજે શરીર-સંભાળ, શૃંગાર કે શરીરની સજાવટના રૂપમાં આત્માની દ્રવ્ય-પૂજાની અપેક્ષાએ એની ભાવપૂજા વિશેષ આવશ્યકતા છે. એક વ્યક્તિ દર માહિને કરોડો ગાયોનું દાન આપે છે. બીજો આવું કોઈ દાન આપવાને બદલે શીલ સંયમનું પાલન કરે છે. તીર્થંકર પ્રભુની દૃષ્ટિએ તો દાન-દાતાની અપેક્ષાએ શીલપાલક ઘણો મહાન છે.

એક વ્યક્તિ કરોડો સોનામહોરોનું સુપાત્રદાન કરે છે. બીજો વ્યક્તિ સુવર્ણ અને રત્નજડિત તીર્થંકર પ્રભુનું મંદિર બંધાવે છે. આ બંને કરતાં શુદ્ધ મનથી શીલ(બ્રહ્મચર્ય)પાલન કરનાર વધુ મહાન છે અને એને બંને કરતાં અધિક ફળ મળે છે. સુપાત્રને દાન આપવું અથવા તો પ્રભુનું મંદિર બનાવવું એ તો દ્રવ્યપૂજન છે, જ્યારે શીલ (બ્રહ્મચર્ય) એ ભાવપૂજન છે. દ્રવ્ય-પૂજા કરતાં ભાવપૂજાનું સ્થાન ઘણું ઉચ્ચ છે. હકીકતમાં તો ભગવાનની આજ્ઞાઓ અને સંદેશાનું પાલન કરવું એ જ એની શ્રેષ્ઠ પૂજા છે. આચાર્ય હેમચન્દ્રે આમ જ કહ્યું છે—

'वीतराग ! तव सपर्यास्तवाज्ञापरिपालनम् ।'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'હે વીતરાગ દેવ! આપની સર્વશ્રેષ્ઠ પૂજા કે સેવા તો આપના આદેશો, સંદેશો અને આપના પદચિહ્ન પર ચાલવું તે છે.'

આનો સાર એ છે કે શીલપાલન કરવું એ ભગવાનની આજ્ઞા છે અને એમની આજ્ઞાની આરાધના કરવી એ જ શ્રેષ્ઠ પૂજા કે સેવા છે.

## શીલ એટલે શું?

હવે સવાલ એ થશે કે 'શીલ' શબ્દના કયા અર્થને ગ્રહણ કરવો. કોઇ વ્યક્તિ શીલપાલન માટે તૈયાર થઈ જાય. પરંતુ એને શીલનું રહસ્ય, એનો વાસ્તવિક અર્થ, શીલપાલનના ઉપાય અને મર્યાદાઓ તેમજ એમાં આવતી મુશ્કેલીઓ સામે રાખવાની જાગૃતિનું એને જ્ઞાન હોય નહિ તો એ એનું પાલન યથાર્થ રૂપે કરી શકશે નહિ. ક્વચિત્ આવેશમાં આવીને શીલપાલનની પ્રતિજ્ઞા લઇ લેનાર એમાં સંકટ કે આપત્તિ આવતાં અથવા તો ભય કે પ્રલોભન જાગતાં ચલિત થઇ જશે. ક્યારેક પ્રતિજ્ઞાના આત્માને તજીને માત્ર એના ખોખાને વળગી રહેશે.

આમ તો શીલ શબ્દના અનેક અર્થ થાય છે. એનો સર્વમાન્ય પ્રચલિત અર્થ સદાચાર કે સદ્ચારિત્ર છે. સદાચારમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહવૃત્તિનો સમાવેશ થાય છે. બૌદ્ધધર્મમાં આ પંચશીલ તરીકે પ્રસિદ્ધ છે. એમાં પાંચમું શીલ અપરિગ્રહવૃત્તિને બદલે મદ્યનિષેધ છે. ગમે તે હોય. પણ જે શીલનું પાલન કરવા ઇચ્છે છે એણે આ પાંચેયનું પાલન પોતાની ભૂમિકા અનુસાર કરવાનું જરૂરી બનશે, પૂર્ણરૂપે શીલનો અંગીકાર કરનાર સાધુ જો જીવહિંસા કરે, ચોરી કરે, અસત્ય બોલે અથવા તો પરિગ્રહવૃત્તિ રાખે તો જગત કે સમાજમાં કોઈ એને શીલવાન કહેશે નહિ.

આવી જ રીતે જે ગૃહસ્થ મર્યાદિત રૂપમાં શીલનો સ્વપત્ની-સંતોષવ્રતનો સ્વીકાર કરે અથવા તો પત્ની સાથે પૂર્ણ પણે શીલવ્રતનો અંગીકાર કરે એ જ ગૃહસ્થ તરીકે અહિંસા, સત્ય વગેરેની મર્યાદાઓનું ઉલ્લંઘન કરીને હિંસા, અસત્ય, ચોરી, પરિગ્રહ, સીમાતિક્રમણ વગેરે કરશે તો લોકો એને શીલપાલક કે સદ્ચરિત્ર નહિ કહે. આ દૃષ્ટિએ શીલમાં પાંચ વ્રત* સમાવિષ્ટ થાય છે અને તે સર્વથા યોગ્ય જ છે. 'તત્ત્વાર્થસૂત્ર'માં 'व्रतशीलेषु पच्च पच्च यथाक्रमम् ।' કહ્યુ છે એટલે કે પાંચ અણુવ્રત અને સાત શીલ(૩ ગુણવ્રત, ૪ શિક્ષાવ્રત)ના ક્રમશઃ પાંચ પાંચ અતિચાર હોય છે. આમ કહીને શીલથી બધાં ઉપવ્રતો ગ્રહણ કરવામાં આવે છે. આથી શીલનો અર્થ જીવનમાં મર્યાદા જાળવવી, ઇન્દ્રિય અને મનની સુંદર ટેવ કે મધુર સ્વભાવ અથવા સદ્વ્યવહાર એવો થાય છે.

આંતરરાષ્ટ્રીય પંચશીલમાં પણ અનાક્રમણ, અહસ્તક્ષેપ, સાર્વભૌમત્વ, પરસ્પર સહયોગ જેવા. શીલ રાષ્ટ્રના સદાચારની મર્યાદા અથવા રાષ્ટ્રીય ચરિત્રસંહિતાના અર્થમાં પ્રયોજાયેલ છે.

જૈન ધર્મને અનુસરનારાઓમાં શીલનો બ્રહ્મચર્ય એવો અર્થ વિશેષ પ્રચલિત છે. 'સમવાયાંગ સૂત્ર'ની વૃત્તિમાં કહ્યું છે—

"शील ब्रह्मचर्यम्"

બ્રહ્મચર્યનો અર્થ એટલો વ્યાપક છે કે એમાં શીલના બધા અર્થો અને એના મૂળમાં રહેલા સદાચાર અથવા સદ્ચારિત્રને માટે આવશ્યક તમામ ગુણોનો સમાવેશ થાય છે. આ કારણે તો 'પ્રશ્નવ્યાકરણસૂત્ર'માં બધાં વ્રતોમાં બ્રહ્મચર્યને મહાન અને મુખ્ય બતાવ્યું છે. વિશ્વના બત્રીસ ઉત્કૃષ્ટ પદાર્થોની ઉપમા એને માટે પ્રયોજાઈ છે.

---

* જુઓ 'પ્રશ્નવ્યાકરણસૂત્ર'માં—बम्मि य आराहिबम्मि आराहियं वयौमज सव्वं सील तवो य विणओ य संजमो य खंती, मुत्ती, गुत्ती तहेय य।"



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેમ પર્વતોમાં મેરુ પર્વત અને દેવોમાં ઈન્દ્ર સૌથી શ્રેષ્ઠ છે, એવી જ રીતે બધાં વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત શ્રેષ્ઠ વ્રત છે. બ્રહ્મચર્યની આરાધનાથી જ બધાં વ્રતોની આરાધના થાય છે. બ્રહ્મચર્યની સાધનાની સાથોસાથ શીલ, તપ, વિનય, સંયમ, ક્ષમા, નિર્લોભતા તથા ગુપ્તિ-આ બધાંની સાધના થઈ જાય છે. આનો અર્થ એ કે આ વ્રતની સાધનામાં ક્ષતિ હોય અથવા એના આચરણમાં ખંડિતતા કે અતિક્રમણ હોય તો બધાં વ્રતોમાં ત્રુટિ આવી જાય છે અને આ વ્રતોમાં ક્ષતિ, દૂષિતતા કે અતિક્રમણ થઈ જાય છે. તમે વિચાર કરો કે કોઈ બ્રહ્મચર્યવ્રતી મન, વચન અને કાયાથી કુશીલસેવન કરે છે, તો એ સમયે ભાવહિંસા (કષાયસેવનથી પોતાના આત્માની હિંસા) થઈ જાય છે જૈનાગમ ભગવતી આદિ સૂત્રો કહે છે કે કાયાથી કુશીલસેવન કરવા જતાં રજ કે વીર્યમાં ઉત્પન્ન થતા સમૂચ્છિંમ જીવોનો નાશ થવાથી દ્રવ્યહિંસા પણ થાય છે. અબ્રહ્મચર્યસેવનથી સત્યવ્રતમાં પણ ભંગ થાય છે, કારણ કે સમાજ કે ગુરું સમક્ષ બ્રહ્મચર્ય-વ્રતના પાલન માટે વચનબદ્ધ બનેલી વ્યક્તિ એ વચનનો ભંગ કરે છે, સત્યનો ભંગ કરે છે અને અસત્ય આચરણ કરે છે.

કુશીલસેવનથી ત્રીજા અદત્તાદાન-વિરમણ-વ્રતનો ભંગ કરે છે, કારણ કે જીવ-અદત્ત, સ્વામી-અદત્ત, તીર્થંકર અદત્ત અને ગુરુ-અદત્ત આમ ચાર અદત્તો (આપ્યા વિનાના) માંથી એ તીર્થંકર-અદત્ત અને ગુરુ-અદત્તનુ આદાન (ગ્રહણ) કરે છે. એટલે કે તીર્થંકર અને ગુરુની આજ્ઞા વિરુદ્ધ કરાયેલું કુશીલસેવન ચોરી જ ગણાય. કુશીલસેવનથી બ્રહ્મચર્યનો ભંગ થાય છે એ વાત તો સ્વતઃસિદ્ધ જ છે.

હવે બાકી રહ્યું અપરિગ્રહણુવ્રત. એનો ભંગ પણ મૈથુનસેવન કરનાર કરે છે. 'દશવૈકાલિક સૂત્ર'માં કહ્યું છે, मुच्छा परिग्गाहो वुत्तो 'એટલે કે મૂર્છાને પરિગ્રહ કહ્યો છે, અને મૂર્છા (મોહ, આસક્તિ અને મમતા) એ મૈથુનસેવનમાં હોય જ છે. આથી પરિગ્રહનું સેવન થતાં પાંચમા વ્રતનો પણ ભંગ થાય છે.

આથી બ્રહ્મચર્યવ્રત ખંડિત થતાં બીજાં વ્રતો પણ ખંડિત થાય છે. મકાનની છત નાની-નાની કડીઓ અને મોભના આધારે ટકેલી હોય છે. એમાંથી જો કડીઓ જ તૂટી જાય તો મકાનને બહુ મોટી હાનિ થતી નથી, પરંતુ મોભ તૂટી જતાં આખું મકાન કડડભૂસ થઈ જમીનદોસ્ત બને છે. આ જ રીતે મોભ સમાન બ્રહ્મચર્યવ્રત તૂટી જશે તો અન્ય વ્રતરૂપી કડીઓ પણ પડી જશે અને જીવનમહેલની સાધનારૂપી આખીએ છત તૂટી પડશે

આ કારણે જ બ્રહ્મચર્ય-સાધનાની સાથોસાથ વ્રતોની સાધના અનિવાર્ય બને છે. જેવી રીતે શીલના અર્થમાં પાંચેય વ્રતોનો આચાર ગર્ભિત રીતે સમાયેલો છે, એવી જ રીતે બ્રહ્મચર્યની અંતર્ગત પાંચેય વ્રતોની સાધના સમાયેલી છે.

બ્રહ્મચર્યનો બીજો અર્થ થાય છે બ્રહ્મ એટલે કે આત્મા અથવા પરમાત્મામાં લીન રહેનાર. આ અર્થ પણ ઘણો વ્યાપક છે. આત્મા કે પરમાત્મામાં તલ્લીન વ્યક્તિને માટે પરભાવમાં રમણ રહેવું તે આત્મગુણોનું ઘાતક છે. વિષય, કષાય, હિંસા, અસત્ય, કુશીલ, ચોરી, પરિગ્રહ જેવા પરભાવમાં રમનારના આત્માનું પતન થાય છે. આ બધી બાબતોનો ત્યાગ કરવો અનિવાર્ય છે આ અર્થ પ્રમાણે પણ બ્રહ્મચર્યની સાથોસાથ અન્ય વ્રતો અને ગુણોની સાધના સાહજિક રીતે જ કરવી પડે છે.

બ્રહ્મચર્યનો એક બીજો અર્થ છે અકુશળ કર્મોનો ત્યાગ. આવા અર્થને કારણે હિંસા આદિ પાંચપાપકર્મોનો ત્યાગ બ્રહ્મચર્યની સાથે-સાથ કરવો જરૂરી છે.

બ્રહ્મચર્યનો એક વ્યાપક અર્થ છે પંચેન્દ્રિયનો નિગ્રહ અથવા તો પાંચેય ઈન્દ્રિયોની આત્મલીન-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તા, વીર્યરક્ષા, મૈથુનથી વિરતિ કે જનનેન્દ્રિયનો નિગ્રહ એ તો બ્રહ્મચર્યનો સંકુચિત અર્થ છે. એક દૃષ્ટિથી જોઈએ તો વીર્યરક્ષા માટે માત્ર જનનેન્દ્રિયનો સંયમ જ પૂરતો નથી. સ્વાદેન્દ્રિય પર સંયમ રાખવો જરૂરી છે અને ઘ્રાણેન્દ્રિય, શ્રોત્રેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય પર પણ સંયમ રાખવો જરૂરી છે. આનો અર્થ એ કે વીર્યરક્ષા માટે સ્પર્શથી પણ વધુ દૃશ્ય, શ્રાવ્ય, ખાદ્ય અને ઘ્રાણીય પદાર્થોનો વિવેકપૂર્વકનો સંયમ રાખવો અને કામોત્તેજક પદાર્થોને ત્યજવા એ બ્રહ્મચર્ય માટે જરૂરી છે. આ કારણે જ 'મનુસ્મૃતિ'માં બ્રહ્મચારી (શીલવાન) ને માટે નીચેની ચીજોનો પરહેજ રાખવો જરૂરી બતાવવામાં આવ્યો છે:

"वर्जयेन्मधुमांसं च गन्धं माल्यं रसान् स्त्रियः
अभ्यङ्गमञ्जनं चाक्ष्णोरुपानच्छत्रधारणम् ।
शुक्तानि यानि सर्वाणि, प्राणिनां चैव हिंसनम् ।
कामं क्रोधं च लोभं च नर्तनं गीतवादनम् ।
द्यूतञ्च जनवादञ्च परीवादं तथानृतम् ।
स्त्रीणाम्प्रेक्षणालम्भमुपघातं परस्य च ॥"

"બ્રહ્મચારીએ મદ્ય, માંસ, સુગંધિત પદાર્થ, માળા, સ્નિગ્ધ રસનું અધિક સેવન, સ્ત્રીસંગ, તેલ જેવું માલિશ કરવું કે પીઠી વગેરે લગાવવી, આંખો આંજવી, પગમાં જોડા પહેરવા, છત્ર ધારણ કરવું, બધા પ્રકારનાં અશ્લીલ દૃશ્ય અને અસંયમી ગાયન, વાદન કે નર્તનનો ત્યાગ કરવો. આવી જ રીતે કામ, ક્રોધ, લોભ. પ્રાણીઓની હિંસા, જુગાર, ચાડીચુગલી, અસત્ય, નિંદા, સ્ત્રીઓ તરફ વિકારી દૃષ્ટિથી જોવું, આલિંગન કરવું અથવા તો એને અથડાઈને ચાલવું એ બધાનો ત્યાગ કરે છે."

આ શ્લોકમાં હિંસા, અસત્ય, કુશીલ કે લોભ ઉપરાંત શીલઘાતક અને કામોત્તેજક એવી દૃશ્ય, શ્રાવ્ય, ખાદ્ય (પેય), સ્પર્શ્ય અને ઘ્રાણવ્ય વસ્તુઓ છે એનો ત્યાગ કે પરહેજ બ્રહ્મચર્ય (શીલની સાધના) માટે આવશ્યક ગણાવ્યો છે. આથી એ સિદ્ધ થાય છે કે જેને મર્યાદિત કે પૂર્ણરૂપે શીલપાલન કરવું છે એણે જુગાર, ચોરી, માંસ, મદ્ય (બધી માદક ચીજો અને વ્યસનો), શિકાર, પરસ્ત્રીગમન અને વેશ્યાગમન જેવા સાત કુવ્યસનોનો ત્યાગ કરવો જોઈએ, આવું શકય બને નહિ તો શીલ (બ્રહ્મચર્ય)ની આરાધના સમ્યક્ પ્રકારે થઈ શકે નહિ.

બ્રહ્મચર્યના આટલા અર્થ ઉપરાંત ગુરુ પાસે રહેવું, વિદ્યાભ્યાસ કરવો, આત્મસ્વરૂપ પ્રગટ કરવું, યોગસાધના કરવી, સેવા કરવી, વિશાળ ધ્યેયમાં એકાગ્ર બનવું જેવા જુદાજુદા અર્થોમાં પણ બ્રહ્મચર્ય શબ્દ પ્રયોજાય છે. એટલું કહેવું પર્યાપ્ત બનશે કે શીલનો કોઈ 'બ્રહ્મચર્ય' એવો અર્થ લે અથવા કોઈ અન્ય અર્થ લે, પણ એની સાથે બધા જ ગર્ભિત અર્થોનો એમાં સમાવેશ થાય છે. વળી આના સમ્યક્ પાલન માટે સાધના કરવી જરૂરી બને છે.

## સાધુ-શ્રાવકની શીલમર્યાદા

શીલધર્મની વ્યાખ્યા સમજ્યા પછી જણાશે કે બધા લોકો એનું પૂર્ણપણે પાલન કરી શકે નહિ અને બધાને માટે એ શકય પણ નથી. આથી તીર્થંકરોએ શીલના મુખ્યત્વે બે પ્રકાર પાડયા છે; (૧) પૂર્ણ શીલવાન (બ્રહ્મચારી), (૨) મર્યાદિત શીલવાન (બ્રહ્મચર્ય અણુવ્રતી).

સાધુ-સાધ્વીવર્ગ પૂર્ણ શીલવાન હોય છે. તેઓ સ્વયં મન, વચન અને કાયાથી પૂર્ણ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરે છે. બીજાને બ્રહ્મચર્યપાલનની પ્રેરણા આપે છે. વળી જેઓ બ્રહ્મચર્ય પાલન કરતાં હોય એમની અનુમોદના કરે છે. નિષેધાત્મક રીતે એમ કહેવાય —

"સ્વયં કુશીલસેવન (મૈથુન) નો મન, વચન અને કાયાથી ત્યાગ કરશે, બીજાને કરાવશે અને ત્યાગ કરનારની અનુમોદના કરશે."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમગ્ર વિશ્વ એ સાધુવર્ગનું કુટુંબ છે આથી કોઈ એક વ્યક્તિમાં પોતાનો પ્રેમ કે વાત્સલ્ય કેન્દ્રિત કરવાને બદલે જગતની તમામ જનનીઓ અને ભગિનીઓ સુધી જ નહિ બલ્કે સમસ્ત માનવસૃષ્ટિ અને પ્રાણીસૃષ્ટિ સુધી વહેવડાવે છે. આથી જ સાધુ-સાધ્વી સ્થૂળ સંતાનોત્પત્તિને બદલે પૂર્ણ બ્રહ્મચર્ય પાલનથી પોતાની સુરક્ષિત અને સંચિત વીર્યશક્તિ દ્વારા વિશ્વસંતાનનું જીવન નિર્માણ કરે છે. આની સાથોસાથ પંચેન્દ્રિયની વિષયાશક્તિ છોડવા માટે પણ પૂર્ણ બ્રહ્મચર્યની સાધના જરૂરી છે. આથી જ તેઓ જગતમાં શ્રદ્ધેય અને વિશ્વાસપાત્ર બની રહે છે.

આજે સાધુવર્ગમાં શીલપાલનની બાબતમાં શિથિલતા નજરે પડે છે. આમાં ઊંડા ઊતરીને જોઈએ તો એનું મૂળ કારણ એ છે કે ગૃહસ્થાશ્રમમાં પ્રારંભથી જ શીલના દૃઢ સંસ્કારોનું સિંચન કરવામાં આવ્યું હોય નહીં અને પછી સાધુજીવનમાં આવ્યા બાદ ગુરુઓ પાસેથી પણ શીલપાલનની તાલીમ મળી હોતી નથી. ભારે અને પાચનમાં કઠિન એવાં રાજસી ખાનપાન, શહેરોનુ દૂષિત વાતાવરણ અને શીલપાલનમાં શિથિલ ગૃહસ્થોનો સંસર્ગ વગેરે શીલપાલનની શિથિલતાનુ કારણ બને છે.

શ્રાવકોમાં બે પ્રકારના શીલવ્રતધારી નજરે પડે છે. કેટલાક શ્રાવકો મોટી ઉંમરે પતિ કે પત્નીમાંથી કોઈ એકનું અવસાન થતા ગૃહસ્થજીવનમાં રહીને પૂર્ણ બ્રહ્મચર્ય (શીલપાલન)ની પ્રતિજ્ઞા લે છે. કેટલાંક ભાઇઓ અને બહેનો ગૃહસ્થજીવનમાં જ આજીવન બ્રહ્મચર્યનું વ્રત ધારણ કરીને સેવાકાર્યમાં પોતાનું જીવન વ્યતીત કરે છે. આવી વ્યક્તિઓ બહુ વિરલ હોય છે. મોટાભાગનાં તો આવા કંટકછાયાપંથ પર પગ મૂકતાં નથી.

ગૃહસ્થજીવનમાં શીલવાન બનવા માટે સ્વપત્નીસંતોષ અને પરસ્ત્રીવિરમણવ્રતનું વચન કાયાથી અથવા તો માત્ર કાયાથી પાળવાની પ્રતિજ્ઞા લેવી પડે છે. આ વ્રતમાં નીચેની બાબતો અંગે ધ્યાન આપવું જરૂરી હોય છે :

(૧) પરસ્ત્રી (સ્ત્રીને માટે પરપુરુષ) તરફ કુદૃષ્ટિથી જોવું નહિ. એની સાથે છેડછાડ કે નિમ્ન પ્રકારની મજાક – મશ્કરી કરવાં નહિ. સ્ત્રી–પછી તે વિધવા હોય, રખાત હોય, કુમારિકા હોય, વેશ્યા હોય કે અભિનેત્રી હોય-આ બધાનો સમાવેશ પરસ્ત્રીમાં થાય છે.

(૨) પોતાની સ્ત્રી સાથે પણ અતિભોગ કરવો નહિ. ઓછામાં ઓછું પર્વ, તિથિના દિવસોએ બ્રહ્મચર્યનું પાલન કરવું. વળી સ્ત્રી સગર્ભા હોય ત્યારે, બાળક સ્તનપાન કરતું હોય ત્યાં સુધી તેમજ માસિક ધર્મ સમયે પણ બ્રહ્મચર્યનું પાલન કરવું.

(૩) જૈનશાસ્ત્રોમાં વિશેષ ધર્મ-આરાધના માટે છ અઠ્ઠાઇઓ (આઠ આઠ દિવસના છ પર્વો) નિયત કરવામાં આવી છે. ત્રણ ચોમાસાની અષાઢી (બેસતી) ચૌમાસી, કારતકી (ઉઠતી) ચૌમાસી અને ફાલ્ગુની (હોળી) ચૌમાસીની ત્રણ, બે નવપદ આરાધના માટે ચૈત્ર અને આસો મહિનાની આયંબિલની ઓળી, તેમ જ એક પર્યુષણ પર્વની – આ રીતે વર્ષમાં છ અઠ્ઠાઈઓ આવે છે. આ સમયે ભાગ્યશાળી સદ્ગૃહસ્થો અચૂક બ્રહ્મચર્યનુ પાલન કરે છે. આવી જ રીતે મહિનાના બે પક્ષોની બાર પર્વ તિથીઓ જેમાં બીજ, પાંચમ, આઠમ, એકાદશી, ચતુર્દશી, પૂર્ણિમા તથા અમાવાસ્યાનો સમાવેશ થાય છે. ત્યારે પણ ઘણા જીવનસાધકો બ્રહ્મચર્યપાલનનો પ્રયત્ન કરે છે આ રીતે વર્ષમાં ૧૪૪ દિવસ બ્રહ્મચર્યપાલન માટે કાર્યશીલ થવું. એનો અર્થ જ એ કે વર્ષના કુલ છ મહિના જેટલો સમય બ્રહ્મચર્યપાલન કરી શકાય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૪)આ ઉપરાંત બાકીના છ મહિનામાં બીજા ક્રમમાં બતાવેલી સ્ત્રીઓની અવસ્થા સમયે કુશીલ-સેવનનો ત્યાગ કરવાથી માત્ર થોડા મહિના જ બાકી રહેશે. એમાં પણ દિવસ અને રાતના ચોવીસ કલાકમાંથી દિવસના બાર કલાક અને રાત્રિનિદ્રાના સાત કલાક એમ ઓગણીસ કલાક તો બ્રહ્મચર્યસેવન થઈ શકે. શેષ રહેલા પાંચ કલાકમાં મૈથુનનો સમય બે ઘડી (૪૮ મિનિટ) જેટલો વધુમાં વધુ માનીએ તો મહિનામાં કુલ ૬૦ ઘડી અર્થાત્ દિવસ-રાતનો હિસાબ કરીએ તો છ મહિનામાં ફક્ત છ દિવસ રાત મૈથુનસેવન થતું હોવાનું માની લઈએ તો બાકીનું આખું વર્ષ બ્રહ્મચર્યપાલનમાં પસાર થશે. સદ્‌ગૃહસ્થને આ કેટલો મોટો લાભ છે? પરંતુ આ ઉત્તમ લાભ વિવેકી અને ધર્મમય જીવન વ્યતીત કરનારને જ મળતો હોય છે.

(૫) પશુપક્ષીઓ કોઈ પણ અવસ્થામાં સમાગમ કરે છે, પરંતુ અમુક સમયે સ્વસ્ત્રી સાથે સહવાસ કરવો એ પણ મર્યાદિત શીલવ્રતનો ભંગ માનવામાં આવે છે, કારણ કે એ પણ કામભોગની ઉત્કટ ઈચ્છામાંથી બને છે.

(૬) આવી જ રીતે અપ્રાકૃતિક મૈથુન (હસ્ત-મૈથુન, ગુદામૈથુન) અથવા જનનેન્દ્રિય સિવાયના અન્ય અંગો સાથે કામ-ક્રીડા કરવી એ પણ વ્રતભંગ ગણાય

(૭) પતિપત્ની પરસ્પરને મળે ત્યારે મલિન ઈચ્છા પ્રગટ કરવી, કામોત્તેજક વાતો કરવી અથવા તો અશ્લીલ અપશબ્દો બોલવા એ પણ ઉચિત નથી.

(૮) સ્વસ્ત્રી સાથે પણ એની ઇચ્છા વિરુદ્ધ સંભોગ કરવો એ બળાત્કાર ગણાય અને તેથી તે વ્રતભંગ જ ગણાય.

(૯) પરસ્પરનો વિધિપૂર્વક વિવાહ થયો ન હોય તે અગાઉ પ્રેમપત્ર લખવા; એકાંતમાં મળવું, એકલા સહભ્રમણ કરવું, આલિંગન કે ચુંબન કરવું તે પણ વર્જિત ગણાય. આવું ન થાય તો જ શીલની મર્યાદા અને પવિત્રતા જળવાઇ રહે.

(૧૦) પતિપત્ની બંનેના દામ્પત્ય જીવનમાં પરસ્પર અવિશ્વાસનું કોઇ કારણ ઊભું કરવું નહિ. બંને વચ્ચે કોઇ દુર્ભાવ કે મનનો પડદો રાખવો નહિ. નહિ તો ગૃહસ્થજીવન નરક સમાન બની જશે.

(૧૧) ઘરમાં બહેન, પુત્રી કે પુત્રવધૂ વિધવા થઈ જાય તો એ સમયે પ્રૌઢ અને વૃદ્ધ વડીલોએ સ્વયં શીલપાલન કરીને પવિત્ર અને મનોરમ વાતાવરણનું નિર્માણ કરવું જોઈએ.

## શીલપાલનની સાવધાની

અગિયાર મર્યાદાઓના પાલન ઉપરાંત શીલ-વ્રતીએ આ પ્રમાણેની બીજી કેટલીક તકેદારીઓ રાખવી જોઈએ—

(૧) ભારે, પાચનમાં કઠણ, તામસી, તીખી, ચટાકેદાર, તળેલી તેમજ વિકૃતિવર્ધક વાનગીઓનો ત્યાગ કરવો.

(૨) તમામ પ્રકારની નશીલી કે માદક ચીજ-વસ્તુઓનો ત્યાગ કરવો.

(૩) અશ્લીલ સાહિત્ય, અશ્લીલ વિચારો અને અશ્લીલ ચિત્રોથી દૂર રહેવું.

(૪) પોતે અશ્લીલ સિનેમા-નાટક જોવા નહિ અને પરિવારને બતાવવા નહિ.

(૫) રાત્રે મોડા સૂઈ જવું, મોડા ઊઠવું કે વધુ પડતું ઊંઘવું તે પણ શીલને માટે હાની-કારક છે.

(૬) એકાંતમાં ગુપ્ત રીતે કોઈ સ્ત્રી સાથે વાત કરવી નહિ.

(૭) બ્રહ્મચારીએ પૂર્વક્રીડિતનું સ્મરણ કરવું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નહિ. સ્ત્રીના રૂપ-લાવણ્યની પ્રશંસા કરવી, એની સાથે રમવું, વાંચવું, એકાંતમાં મળવું કે વિકારી દૃષ્ટિથી જોવું નહિ. મનમાં કોઈ સ્ત્રીની પ્રાપ્તિ માટે ચિત્રવિચિત્ર વિચાર કરવા નહિ. એને મેળવવા માટે અપહરણ કે દુઃસાહસ કરવું નહિ.

(૮) ખૂબ ઠાંસીઠાંસીને ખાવું પણ બરાબર નથી.

(૯) શણગાર, તેલ ફૂલેલ, અત્તર, ક્રીમ, પાવડર, સ્નો વગેરેથી દૂર રહેવું.

(૧૦) અંગ દેખાય તેવાં બારિક કપડાં, મુલાયમ કે સ્પ્રિંગવાળી બેઠક કે પથારી તેમજ સ્ત્રી, પશુ કે નપુંસક જે ખંડમાં રહેતા હોય તે ખંડમાં શયન કરવું વર્જિત છે. આવી જ રીતે શીલવ્રતી પતિપત્ની એક શય્યા પર કે એક ખંડમાં શયન કરતાં નથી.

## વર્તમાન સમયમાં શીલનો હ્રાસ

પાશ્ચાત્ય સભ્યતાના દૂષિત પ્રભાવને કારણે ભારતવર્ષમાં શીલપાલન દુર્લભ બની રહ્યું છે. એક બાજુ માતાપિતા પોતાનાં બાળકોના નાની વયમાં લગ્ન કરાવે છે, જેથી થોડાં જ વર્ષોમાં એમના વીર્યનો હાસ થઈને તેઓ ટી. બી., કેન્સર અને દમ જેવા રોગોનો શિકાર બને છે. બીજી બાજુ, જિંદગીના અસ્તાચળે આવેલ વૃદ્ધો માથે સાફો બાંધીને લગ્ન કરવા તૈયાર થાય છે. એક પત્નીના મૃત્યુ પછી બીજી અને બીજી પત્નીના મૃત્યુ પછી ત્રીજી એમ ઉત્તરોત્તર લગ્ન સંખ્યા વધારે છે. વૃદ્ધ થવા છતાં પણ તેઓ વિષયવાસનાનાં કીડા બની રહે છે. જ્યાં આવું જ હોય ત્યાં એમનાં સંતાનોમાં બ્રહ્મચર્યના સંસ્કારનું કઈ રીતે સિંચન થાય? એમનાં બાળકો કઇ રીતે બળવાન, સ્વસ્થ અને સાહસી બને? એ સ્પષ્ટ છે કે આવા કામાતુર માનવીઓએ જ ભારતની અમૂલ્ય સંસ્કૃતિના ઉન્નત મૂલ્યોનો હ્રાસ કર્યો છે.

પશ્ચિમી સભ્યતાનો પ્રવાહ એટલા બધા વેગથી ભારતમાં આવી રહ્યો છે કે અહીં રોજ બ્રહ્મચર્યનાશના નવા નવા નુસખાઓ અજમાવાય છે. જાણીજોઈને અનેક દુર્વ્યસનોનો શિકાર બનીને ઘણા મહામૂલી જિંદગીને ધૂળમાં મેળવે છે તો કેટલાંય પુરુષો કે સ્ત્રીઓ ફેશનના ફંદામાં ફસાઈને શીલ-સદાચારને અળગાં કરી રહ્યા છે.

વેશ્યાઓની જાળ થોડી ઓછી થઈ છે, તો ફિલ્મના અભિનેતા અભિનેત્રીઓની મોહજાળ એટલી બધી ફેલાઈ છે કે એકેએક બાળક એમનાં નામ અને વિશેષતાઓ જાણે છે. કદાચ એટલી જાણકારી એમને એમનાં બાપદાદાઓ વિષે પણ નહિ હોય! બાળપણથી માતા-પિતા જ બાળકને સિનેમાનો શોખ લગાડે છે. આ સિનેમા, એના અર્ધનગ્ન અશ્લીલ ચિત્રો અને અભિનેત્રીઓના કામોત્તેજક ભાવો નવી પેઢીને વિષયવાસનાની ભઠ્ઠીમાં નાખી રહ્યાં છે.

દૂષિતતાના આ પૂરને રોકવા માટે માતા-પિતા કે વડીલોએ પ્રયાસ કરવો જોઈએ. આત્મ સમજણવાળા યુવાનો અને સદાચારી વાતાવરણનું સર્જન જ આમાંથી ઉગારી શકે એમ છે. યુવકોને ક્યાં શીલવાનોની સંગતિ મળે છે! પરિણામે વર્તમાનયુગમાં શીલપાલનનો પ્રશ્ન ઘણો પેચીદો બની ગયો છે. આમ છતાં નિરાશ થવાની જરૂર નથી. વાલી, શિક્ષક અને સમાજની સંસ્કારિતાના રખેવાળ એવા સેવકો જરા જાગૃતિ દાખવે તો આમાં સફળતા મળી શકે તેમ છે

આ શહેરમાં વસતા શેઠ સુમેરચંદજી સુરાના ખુદ શીલપાલનનું એક દૃષ્ટાંત છે. યુવાવસ્થામાં જ એમના પત્નીનું અવસાન થયું. બીજા લગ્ન કરવાની શક્તિ અને સાધન સુવિધા હોવા છતાં એમણે લગ્ન કર્યાં નહિ અને શીલપાલન માટે ઉદ્યત બન્યા. ખરેખર આવા જ યુવકો પાસેથી નવી પેઢીને શીલપાલનની પ્રેરણા મળી શકે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પેથડશાહ જૈનઈતિહાસનું એક સુવર્ણપૃષ્ઠ છે. એક વખત એમના નગરના કોઈ શ્રાવકે ચોથા વ્રતધારી (પૂર્ણ બ્રહ્મચર્યવ્રત) ની લહાણી (ધર્મ પ્રભાવના) કરી. ગુજરાતમાં ધર્મપ્રભાવના એટલે કે ધર્મ ભાવનાને પ્રોત્સાહન આપવાના અનેક ઉપાયોમાં આ એક ઉપાય પણ પ્રચલિત છે. પેલા શ્રાવક ચોથા વ્રતધારી શ્રાવક-શ્રાવિકાઓને લહાણી કર્યા પછી ધર્મિષ્ઠ અને આગેવાન પેથડશાહને લહાણી આપવા ગયા.

પેથડશાહે પૂછ્યું, "ભાઇ આ લહાણી શા માટે કરો છો?"

શ્રાવકે નમ્રતાપૂર્વક કહ્યું. "હે શ્રીમાન! આજે મેં શીલવ્રતધારક શ્રાવક-શ્રાવિકાઓને આ લહાણી આપી છે. આપ ધર્મના અગ્રણી અને ધર્મપરાયણ છો તેથી આપના સન્માન માટે હું આ તુચ્છ ભેટ આપું છું તો તેનો સ્વીકાર કરશો."

પેથડશાહ બોલ્યા, "ભાઈ! ધન્ય છે એ શીલવ્રતધારીઓને! મેં તો હજી પૂર્ણ શીલવ્રત ગ્રહણ કરવાનો વિચાર પણ કર્યો નથી, આથી હું આ લહાણીનો અધિકારી ગણાઉં નહિ. પરંતુ તમે મારા સહધર્મી ભાઇ છો. તમારી પ્રેમભરી ભેટનો અનાદર કરું તો હું મૂર્ખ જ ગણાઉં. વળી ધર્મ અને શાસનની અવહેલના પણ થાય. આજથી જ હું ચોથું વ્રત (પૂર્ણ બ્રહ્મ-ચર્યવ્રત) ધારણ કરું છું અને તમારી આ લહાણીનો સ્વીકાર કરું છુ."

પેલા શ્રાવકના મુખમાંથી ધન્યતાના સબ્દો સરી પડયા.

આ ઘટના સમયે પેથડશાહની ઉંમર બહુ મોટી નહોતી, ફક્ત ૩૨ વર્ષના જ હતા. યુવાન-વયે પૂર્ણ બ્રહ્મચર્યવ્રતનો સ્વીકાર કરીને પેથડ-શાહે યુવાનો માટે એક આદર્શ પૂરો પાડયો.

હકીકતમાં જવાની પણ દીવાની હોય છે. એમાં વળી ધનસંપત્તિ મળી જાય અને એથીયે વિશેષ કોઇ સત્તા કે અધિકાર મળી જાય અને તેમાંય વળી એમાં અવિવેક ભળે તો પછી પૂછવું જ શું? યુવાની, સંપત્તિ, સત્તા અને અવિવેક એ ચંડાળ ચોકડી જીવનનું સત્યાનાશ કરનારી છે. આ બધાથી ઉગરવું અને યુવાનીમાંજ શીલ-પાલનનું વાતાવરણ સર્જવું એ આજનાયુવકોનું મુખ્ય કર્તવ્ય છે.

વીર શિવાજી સત્તાધારી હતા અને યુવાન પણ હતા, તેમ છતાં પરસ્ત્રીને તેઓ માતા કે બહેન સમાન આદર આપતા હતા, એક વખત ઔરંગઝેબના લશ્કર પર વિજય મેળવ્યા બાદ શિવાજીનો એક સૈનિક એમને ભેટ આપવા માટે મુસ્લિમ સુંદરી લાવ્યો. આવતાની સાથે જ પોતાને મળેલા આદેશ પ્રમાણે એ યુવતીએ પોતાનો પડદો હટાવ્યો અને પોતાના અંગ-પ્રત્યંગ શિવાજીને દર્શાવતી એમની સમક્ષ હાથ જોડીને ઊભી રહી.

શિવાજીએ પેલી સુંદરીને અહીં લઇ આવ-નારા સૈનિકને સખત ઠપકો આપ્યો અને યુવતીને કહ્યું,

"બહેન! તું તો મારી માતા સમાન છે. જો મારી માતા તારા જેટલી સુંદર હોત તો હું પણ ખૂબ સુંદર હોત, માતા, તને પ્રણામ."

આમ કહીને એ યુવતીને થોડી ભેટ આપી, સન્માનની સાથે તેના પિતાને ત્યાં પહોંચાડવાની વ્યવસ્થા કરી.

રાઠોડ વીર દુર્ગાદાસને પણ બેગમ ગુલેનારે મોહવશ થઈને પોતાનો સ્વીકાર કરવા માટે અનેક પ્રલોભન આપ્યા હતાં. ડર અને ભય બતાવ્યો હતો. છેલ્લે જેલમાં પણ પૂર્યો. પરંતુ શીલસંપન્ન દુર્ગાદાસ સહેજે વિચલિત થવાને બદલે પોતાના શીલવ્રતમાં દૃઢ રહ્યા.

આવી રીતે મર્યાદિત કે પૂર્ણપણે શીલવ્રત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધારણ કરનારે જુદાં જુદાં ભય અને પ્રલોભન સાથે રાત દિવસ અખંડ પ્રજ્વલિત અને પ્રકાશિત રત્નની જ્યોતિની માફક પોતાના શીલવ્રતની જ્યોતને અખંડિત અને પ્રજ્વલિત રાખવી જોઈએ. આજુબાજુથી આવતા પ્રલોભનો અને ભયના સપાટાથી એ જયોતિ બુઝાય નહિ તેનો ખ્યાલ રાખવો જોઈએ. અને ત્યારે શીલપાલનનો યથેષ્ટ લાભ મળી શકે છે.

### શીલપાલનનો પ્રત્યક્ષ લાભ

શીલપાલનથી સ્વર્ગ, મોક્ષ કે આત્મબળની વૃદ્ધિનો પરોક્ષ લાભ થાય છે એ વાતને કદાચ આજનો યુવક સ્વીકારે નહિ તો પણ એના પ્રત્યક્ષ લાભનો ઈનકાર થઈ શકે તેમ નથી. આચાર્ય હેમચંદ્રે શીલ (બ્રહ્મચર્ય)ના લાભનું વર્ણન કરતા કહ્યું છે —

"चिरायुषः सुसंस्दाना द्दढसंहनना नराः।
तेजस्विनो महावीर्या भवेयुर्ब्रह्मचर्यतः ॥"

"બ્રહ્મચર્યનું પાલન કરવાથી મનુષ્ય દીર્ઘાયુષી, તેજસ્વી અને મહાપરાક્રમી થાય છે. એના શરીરનો દેખાવ અને અવયવો સુગઠિત અને મજબૂત હોય છે."

આજના મોટાભાગના યુવકોને તો જુઓ! ગાલમાં ખાડા પડી ગયા હોય, આંખો અંદર જતી રહી હોય અને કેડ વળી ગઈ હોય. એમનું શરીર હાડકાના માળા જેવું લાગે છે અને થોડી વધુ ઠંડી કે ગરમી એમનું શરીર સહન કરી શકતું નથી. એમને સહેજમાં જ કોઈ ને કોઈ બીમારી લાગુ પડી જાય છે. આ રીતે કવેળાએ વૃદ્ધત્વ પામનાર અને મૃત્યુનો પરવાનો પાસે રાખીને જીવનારા જુવાનો માટે બ્રહ્મચર્ય જડીબુટ્ટી કે વરદાન છે અને પ્રત્યક્ષપણે લાભદાયી છે. જો પશુપક્ષી અમુક સમયે જ મૈથુનસેવન કરે છે તો પછી મનુષ્યોએ શા માટે અમર્યાદિતપણે અને સમયનો વિવેક જાળવ્યા વગર મૈથુનસેવન કરવું જોઈએ? શું એ પશુ-પક્ષીથી પણ હલકું જીવન જીવે છે? રોજેરોજ દવાની શીશી હાથમાં લઈને ડૉક્ટરનો દરવાજો ખખડાવતાં યુવક- યુવતીઓ માટે ખરી જરૂર તો વિધિવત્ બ્રહ્મચર્ય પાલનની છે.

આજકાલ વિદ્યાર્થીઓની એવી ફરિયાદ છે કે એમને પાઠ યાદ રહેતો નથી અથવા તો યાદ રાખેલું તરત જ ભૂલી જાય છે. એમની બુદ્ધિ અભ્યાસના વિષયને ઝડપથી ગ્રહણ કરી લેતી નથી. પરીક્ષામાં એમને ગભરામણ થાય છે. કોઈ નવું કામ કરવાનો ઉત્સાહ નથી. સતત સુસ્ત રહે છે. થોડું વાંચતાં જ મગજ થાકી જાય છે. આંખોનું તેજ ઓછું થતું જાય છે. આ બધી ફરિયાદોનો સૌથી સમર્થ અને સચોટ ઉપાય એ સમસ્ત અંગોપાંગ સહિતનું શીલ-પાલન છે.

સ્વામી વિવેકાનંદને કોણ નથી જાણતું? એક વાર સ્વામીજી બીમાર હતા. તેઓ પૂરેપૂરો આહાર અને નિદ્રા પણ લઈ શકતા નહોતા. તેમ છતાં પણ 'એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકા'ના પોતે મંગાવેલા ભાગોનું વાચન કરતા હતા. એમના એક શિષ્યે સ્વામીજીએ કબાટમાં રાખેલાં મોટાં મોટાં થોથાં જોઈને પૂછ્યું.

"સ્વામીજી! આને કોણ વાંચી શકે? તમે પણ માત્ર એનાં પાનાં જ ફેરવી જતા હશો ને?"

સ્વામી વિવેકાનંદે કહ્યું, "અત્યાર સુધીમાં આના દસ ભાગ વાંચી ચૂક્યો છું. અને એમાંનું મોટાભાગનું યાદ રાખી ચૂક્યો છું તમારે આમાંથી કોઈ પણ વિષય પર પૂછવું હોય તો પૂછી શકો છો."

શિષ્યને ભારે આશ્ચર્ય થયું. સ્વામીજીની અનુમતિ લઈને આ દસ ભાગોમાંથી અત્યંત જટિલ અને કઠિન વિષય પર એણે પૂછ્યું. તમને સાંભળીને આશ્ચર્ય થશે કે સ્વામીજીએ શિષ્યના પ્રશ્નોના ઉત્તરમાં ગ્રંથકારનો આશય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તો બતાવ્યો, પણ સાથોસાથ કેટલીક બાબતમાં તો તેઓ અક્ષરશઃ પુસ્તકની ભાષા જ બોલી ગયા !

સ્વામીજીની અસાધારણ બુદ્ધિ અને તીવ્ર સ્મરણશક્તિ જોઈને શિષ્યે આશ્ચર્યથી કહ્યું, "સાચે જ આ તો મનુષ્યની શક્તિ બહારની વાત છે.

સ્વામીજીએ જવાબ આપ્યો, "તું ભૂલે છે. એક માત્ર બ્રહ્મચર્યનું યોગ્ય રીતે પાલન કરનાર થોડા જ સમયમાં બધી વિદ્યા પ્રાપ્ત કરી શકે છે. બ્રહ્મચર્યના બળથી તો વ્યક્તિ સ્મૃતિધર અને શ્રુતિધર બની શકે છે. બ્રહ્મમર્યની રક્ષાથી જ આવી માનવેતર શકિત પ્રાપ્ત થાય છે. આજે બ્રહ્મચર્યરક્ષાના અભાવને કારણે જ આપણા દેશનું અધઃપતન થયું છે."

સાચે જ બ્રહ્મચર્યમાં અપૂર્વ શક્તિ છે. વિદ્યાર્થી હોય કે વૈજ્ઞાનિક, યુવક હોય કે યુવતી, યતિ હોય કે સતી, સાધુ હોય કે સદ્ગૃહસ્થ–બધાને માટે શીલ પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે લાભદાયક છે. આથી જ આચરણના અર્ઘ્યથી બ્રહ્મચર્ય અથવા તો શીલની પૂજા કરવી જોઇએ.

(સ્થળ : જૈનભવન, બીકાનેર)

તા. ૩૦-૭-'૪૮

# સમાચાર સંકલન

લે. કુ. જ્યોતિબેન પી. શાહ

## અમે રે સજાવ્યા રે, તપનાં માંડવડાં.

ભાવનગરની ભાવેણી ધરતી પર મહાજ્ઞાની યશસ્વી અને જિનશાસન પ્રભાવક શ્રી ચન્દ્રોદય સૂરિ મહારાજ સાહેબે ભક્તિની નોબત બજાવી, તપની શરણાઈ સજાવી.... અને ભાવનગરનાં ધર્મપ્રેમી લોકો એ ધર્મવીણાનાં સુરે એકતાન બની ડોલી ઉઠયા. અને હજુ તો વિશ્વભરનાં રેકોર્ડરૂપ ૮૦૦ - ૮૦૦ સિદ્ધિતપનાં પારણા પર એક માસ વિત્યો ન વિત્યો ત્યાં તો ભાવનગરને આંગણે દાદા સાહેબની પવિત્ર ભૂમિમાં મહાન ઉપધાન તપની મંગલકારી આરાધના શરૂ થઇ.

આઠ વરસના કુમળી કળી જેવાં બાળકોથી માંડીને, લાકડીના ટેકે ચાલતાં વયોવૃદ્ધ વડીલો એ હર્ષભેર, આનંદભેર, ખુમારીથી, ખમીરથી કોઇ અગમ્ય ઉત્સાહ સાથે વિજયાદશમીનાં પવિત્ર દિવસે ગાજતે વાજતે ઊપધાન તપનો આરંભ કરવા માટે પ્રભુ મહાવીરની છત્રછાયા નીચે શોભતા દાદા સાહેબમાં પ્રવેશ કર્યો ત્યારે હર્ષઘેલો ચતુર્વિધ સંઘ એક અવાજે બોલી ઉઠયો—

અમે રે સજાવ્યા છે, તપનાં માંડવડાં.

## ચાલોને સૌ ખ જ્ઞાનદીપક પ્રગટાવો ;-

તા. ૨૯-૧૦-૮૮, આસો વદ પાંચમને શનિવારનાં રોજ દાદા સાહેબની પૂનિત ધરતી પર ઉગતી ઉષાના સોનેરી સથવારે પૂજ્ય ગુરુદેવની નિશ્રામાં પ્રાકૃત વિજ્ઞાન પાઠમાળા અને પ્રવચન કિરણાવલી નામનાં બે મહાન ગ્રન્થોનો વિમોચન સમારંભ યોજવામાં આવેલ. જ્ઞાન ભક્તિના આ પુણ્ય અવસરે શ્રી કુમારપાળ દેસાઇ પધારેલ. તેઓશ્રીનાં વરદ્ હસ્તે પ્રવચન કિરણાવલી અને શ્રી ચિનુભાઈના હસ્તે પ્રાકૃત વિજ્ઞાન પાઠમાળાનું વિમોચન થયું. આ સમયે અમદાવાદથી પણ શેઠશ્રી બકુભાઇ વગેરે ટ્રસ્ટીઓ પધારેલા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અજોડ પ્રતિભાશાળી મહાત્મા

# આચાર્ય હેમચન્દ્રસૂરિ

લે. શ્રી કે. જે. દોશી

(આ લેખ તૈયાર કરવામાં મેં શ્રી મહાવીર જૈન વિદ્યાલયે પ્રકાશિત કરેલ 'કાવ્યાનુશાસન' ની પ્રસ્તાવનાનો ઉપયોગ કરેલ છે. તે માટે તેના લેખક શ્રી રસિકલાલ છોટાલાલ પરીખનો હું ઋણી છું. —લેખક)

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય અજોડ પ્રતિભાવંત મહાપુરૂષ હતા. એમ એમણે અનેક ક્ષેત્રોમાં મેળવેલી સિદ્ધિ અને ઝડપી પ્રગતિને કારણે આપણે કહી શકીશું.

જીવનમાં મહાન કાર્યો કરવા માટે જ જાણે કે એમણે જન્મ લીધો હોય તેમ બાલ્યાવસ્થાથી જ વિકાસના ઉચ્ચ શિખર તરફ એમણે દોટ મૂકી છે. આત્મોન્નતિ કરવાના કાર્યમાં તેમજ સમાજોન્નતિના કાર્યમાં અને સૌથી વધારે જ્ઞાનપ્રાપ્તિના કાર્યમાં એમનો વેગ અજોડ છે.

જીવન વિકાસના કાર્યમાં ખૂબ ઉતાવળ હોય તેમ બાળક ચાંગદેવ ગુરુ મહારાજના સંપર્કમાં આવ્યો કે તુરતજ ગુરુ મહારાજ દેવચન્દ્રસૂરિને નમસ્કાર કરી બોલી ઉઠયો, "પૂજ્ય ગુરુદેવ, સંસાર સાગર તરવા માટે સુચારિત્રરૂપી હોડી આપીને મને સંસારસાગર પાર કરવામાં સહાય કરો."

ગુરુ દેવચન્દ્રજીએ પણ બાળક ચાંગદેવના ભાલપ્રદેશમાં તેજસ્વીતાના ચિન્હો જોઈ તેની સાથે આવેલા તેના મામા નેમિને પૂછયું, "આ કોનો પુત્ર છે? તે મહાન થવા સર્જાયેલ છે"

ચાંગદેવના મામાએ બે હાથ જોડી નમ્રતાપૂર્વક જવાબ આપ્યો, "મુનિવર્ય, અહીં ધંધુકામાં પ્રખ્યાત ચાચ્ચ નામનો વ્યાપારી છે તે પ્રભુભક્ત અને ગુરુભક્ત છે. તેમની પત્ની પાહીની મારા બહેન છે. આ બાળક તેમનો પુત્ર છે અને ચાંગદેવ તેનું નામ છે. હાલના સમયમાં આ મારા ભાણેજનું મન ધર્મ સિવાય કશામાં લાગતું નથી."

ગુરુ દેવચન્દ્રસૂરિએ કહ્યું, "આ બાળકને જો દિક્ષા આપવામાં આવે તો ઘણું સારૂં થશે. અમે તેને બધા શાસ્ત્રો ભણાવીશું અને આ બાળક તીર્થંકર ભગવંતોની જેમ લોકોનું કલ્યાણ કરશે. તેથી તમે તેના પિતા પાસેથી તે માટે સંમતિ મેળવી આપો."

ચાંગદેવના પિતાએ પુત્રવાત્સલ્યને કારણે રજા આપી નહિ. પણ બાળક દૃઢનિશ્ચયવાળો હોવાથી ઘર છોડી ગુરુની સાથે ખંભાત ગયો. ત્યાં સંઘની સંમતિથી દેવચન્દ્રસૂરિએ ચાંગદેવને દિક્ષા આપી તેનું નામ સોમચન્દ્ર રાખવામાં આવ્યું.

ચાંગદેવનો જન્મ વિ. સં. ૧૧૪૫માં થયો હતો અને ૧૧૫૪માં તેને દિક્ષા આપવામાં આવી. પછી સોમચન્દ્ર તપ અને જ્ઞાનપ્રાપ્તિમાં મગ્ન થઇ ગયો. બહુ જ ટૂંક સમયમાં તેણે અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરી લીધો. શિષ્ય સોમચન્દ્રની ધર્મશ્રદ્ધા, અને જ્ઞાનપીપાસા જોઇને ગુરુએ તેને વિ. સં. ૧૧૬૬માં આચાર્ય પદવી આપી અને તેનું હેમચન્દ્ર એવું નામ પાડયું.

તે પછી આચાર્ય હેમચન્દ્ર ઘણો વખત ગુજરાતમાં વિચરતા રહ્યા અને લોકોને ધર્મોપદેશ આપતા રહ્યા.

ઈતિહાસ પ્રસિદ્ધ સિદ્ધરાજ જયસિંહ હેમચન્દ્રાચાર્યને પૂછીને પોતાની શંકાઓ દૂર કરતાં. શ્રી હેમચન્દ્રાચાર્યના ઉપદેશથી સિદ્ધરાજને જૈન-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધર્મ તરફ રુચિ ઉત્પન્ન થઈ હતી. તેમના ઉપદેશથી સિદ્ધરાજ જયસિંહે અણહિલપુરમાં 'રાજવિહાર' નામનું સુંદર મંદિર બંધાવ્યું હતું અને સિદ્ધપુરમાં 'સિદ્ધવિહાર' નામનું મંદિર બંધાવ્યું હતું.

સિદ્ધરાજની વિનંતીથી હેમચન્દ્રાચાર્યે સિદ્ધહેમ વ્યાકરણની રચના કરી હતી.

પ્રભાવક ચરિત્ર પ્રમાણે ચાંગદેવ દેવચન્દ્રસૂરિની સાથે કર્ણાવતી આવ્યો અને ત્યાં ઉદયનના પુત્રો સાથે તેને ઉછેરવામાં આવ્યો હતો. અને ચારચે ચાંગદેવનો દિક્ષા મહોત્સવ કરાવ્યો હતો.

સિદ્ધરાજ જયસિંહનો જન્મ સંવત ૧૧૪૨ માં થયો હતો. એટલે તે હેમચન્દ્રાચાર્ય કરતાં ત્રણ વર્ષ મોટો હતો. સિદ્ધરાજ ૧૧૫૦માં આઠ વર્ષની ઉંમરે ગાદીએ આવ્યો. કુમારપાળનો જન્મ વિ સં. ૧૧૪૯માં થયો હતો. તેથી તે હેમચન્દ્રાચાર્ય કરતાં ચાર વર્ષ નાનો હતો.

હેમચન્દ્રાચાર્યની આચાર્ય પદવી નાગપુરમાં થઇ હતી, અને તેમાં ધનદ નામના ભકતે સારો ખર્ચ કરી મહોત્સવ કર્યો હતો.

આચાર્ય હેમચન્દ્રને ભણાવનાર અંગે કોઈ માહિતી મળતી નથી, પણ તેમના ગુરુએ કહ્યું હતુ કે 'અમે તેમને શાસ્ત્રો ભણાવીશું' એટલે તેના વિદ્યાભ્યાસમાં તેમનો સહકાર મોટો હશે. ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્રમાં હેમચન્દ્રાચાર્યે જણાવ્યું છે કે ગુરુકૃપાથી મારો અભ્યાસ આગળ વધ્યો.

પ્રભાવક ચરિત્ર પ્રમાણે આચાર્ય હેમચન્દ્ર ખંભાતથી નીકળી રૈવતાવતાર નગરમાં જૈન મંદિરમાં રહ્યા ત્યાં મધ્ય રાત્રે બ્રાહ્મીદેવી પ્રસન્ન થયા અને કહ્યું, "હું તારા પર પ્રસન્ન છું. તારે હવે કાશ્મીર જવાની જરૂર નથી," તે પછી રાત્રે દેવીની સ્તુતિ કરી સવારે ઉપાશ્રયમાં આવ્યા.

સિદ્ધરાજે માળવા પર વિજય મેળવ્યા પછી તેને અભિનંદવા મળેલી સભામાં શ્રી હેમચન્દ્રાચાર્ય પણ હાજર હતા. તે સભામાં સિદ્ધરાજે ભોજવ્યાકરણ જેવું વ્યાકરણ રચવા હેમચન્દ્રાચાર્યને વિનંતી કરી. પરિણામે 'સિદ્ધહેમ' વ્યાકરણની રચના થઇ. તેની પ્રશસ્તિમાં આચાર્યશ્રી જણાવે છે કે સિદ્ધરાજની વિનંતીથી આ વ્યાકરણની રચના કરવામાં આવી છે.

આ વ્યાકરણની રચના પછી તે ભણાવવા માટે કાકલ નામના પંડિતની નિમણૂંક કરવામાં આવી હતી. અને તેના અભ્યાસ પછી જ્ઞાનપંચમીએ 'સિદ્ધહેમ વ્યાકરણ' અંગે પરીક્ષા થતી અને સારો અભ્યાસ કરનારને ઈનામ અપાતા.

પ્રભાવક ચરિત્ર પ્રમાણે આચાર્ય હેમચન્દ્રાચાર્યનો સ્વર્ગવાસ વિ. સં. ૧૨૨૯માં ૮૪ વર્ષની ઉંમરે થયેલ.

## તેમની સાહિત્યરચના

પૂ શ્રી હેમચન્દ્રાચાર્યજીએ લગભગ સાડાત્રણ કરોડ શ્લોક પ્રમાણ સાહિત્ય રચ્યું છે. તે સાહિત્ય એટલું વિસ્તૃત અને વૈવિધ્ય સભર છે કે તેમનું 'કલિકાલસર્વજ્ઞ' બિરૂદ સાર્થક કરે છે.

તેમની સૌથી મહત્ત્વની કૃતિ છે શ્રી સિદ્ધહેમ વ્યાકરણ. તેનું બીજું નામ 'શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસન' છે.

પૂ આચાર્યશ્રી તેમના ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્રમાં કહે છે કે સિદ્ધરાજની વિનંતીથી મેં 'સિદ્ધહેમ' વ્યાકરણની અને તેની ટીકાની રચના કરી છે. કુમારપાળ માટે યોગશાસ્ત્રની રચના કરી છે અને દ્વાશ્રય અને બીજા શાસ્ત્રો–છંદ, અલંકૃતિ, નામસંગ્રહ તથા ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્રની રચના લોકોપકાર માટે કરી છે.

પ્રભાવક ચરિત્ર પ્રમાણે 'સિદ્ધહેમ' વ્યાકરણની રચના એક વર્ષમાં કરવામાં આવી હતી. સિદ્ધરાજના અવસાન પહેલા એટલે કે સં. ૧૧૯૯ પહેલા એ પુરૂં થયું હોવું જોઇએ.

વ્યાકરણના અંગો એટલે કે સૂત્ર, ગણપાઠ, ધાતુપાઠ ઉણાદિ અને લિંગાનુશાસન–એ દરેકની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રચના શ્રી હેમચન્દ્રાચાર્યે પોતેજ કરી છે એ એની વિશિષ્ટતા છે.

બીજી મહત્ત્વની વિશિષ્ટતા એ છે કે 'સિદ્ધહેમ'ના આઠમાં અધ્યાયમાં તેમણે પ્રાકૃત વ્યાકરણની રચના કરી છે.

આ 'સિદ્ધહેમ'ના આઠ અધ્યાય છે. દરેક અધ્યાયના ચાર પાદ છે. આખું વ્યાકરણ ૧૧૦૦ શ્લોકનું બનેલું છે. તેમાં કુલ સૂત્રો ૪૬૮૫ છે તેમાં સંસ્કૃતના ૩૫૬૬ સૂત્રો અને પ્રાકૃતના ૧૧૯૯ સૂત્રો છે.

આના ઉપર શ્રી હેમચન્દ્રાચાર્યે બે ટીકાઓ રચી છે. એક લઘુવૃત્તિ અને બીજી બૃહદ્વૃત્તિ. તેના પૂરક તરીકે ધાતુપારાયણની રચના કરી છે. આ વ્યાકરણ ઉપર પોતેજ બૃહન્યાસ પણ રચેલ છે.

આ વ્યાકરણ બહુ વિદ્વત્તાપૂર્ણ છતાં અતિ સરળ ભાષામાં લખાયેલ છે, જેથી અભ્યાસીઓને તે સમજવુ સહેલું પડે. તેમના ગ્રન્થોની સરળતા બતાવે છે કે તેઓશ્રી એક મહાન્ શિક્ષણકાર પણ હતા.

વ્યાકરણ પછી આચાર્યશ્રીએ કોશનું કામ ઉપાડયું છે 'નામમાલા' એટલે કે અભિધાનચિંતામણિ કોશ અને તેની ટીકા પણ તેમણે રચ્યા છે, તે ટીકાનું નામ તત્ત્વબોધવિધાયિની છે.

તે પછી તેમણે અનેકાર્થસંગ્રહની રચના કરી. તેના ઉપર શ્રી મહેન્દ્રસુરિએ ટીકા રચી છે આ રીતે સસ્કૃત કોશકાર તરીકે તેમનો કુશળતા પ્રગટ થાય છે. શબ્દકોશની રચના પૂરી કરવા માટે દેશીભાષાઓનો શબ્દકોશ એટલે કે "રયણાવાલ"ની રચના કરી. આ કોશ ભારતની અર્વાચીન ભાષાઓની સમજણ માટે ખૂબજ ઉપયોગી ગ્રન્થ છે. દેશી શબ્દો એકત્ર કરવાનું કામ ઘણું કઠીન હોવા છતા તેમણે સંતોષકારક રીતે આ કાર્ય પાર પાડયુ છે.

તે પછી તેમણે 'નિઘંટુકોશ'ની રચના કરી છે. તેના ઉપર કોઈ ટીકા પ્રાપ્ય નથી.

ત્યાર પછી તેમણે સંસ્કૃત દ્વાશ્રય કાવ્યની રચના કરી. તેમાં ૨૦ પ્રકરણ છે. તેમાં ૧૪ પ્રકરણ સિદ્ધરાજ વિષે છે અને બાકીના કુમારપાળ વિષે છે. સંસ્કૃત દ્વાશ્રય કાવ્યનું બીજું નામ ચૌલુકયવંશોત્કીર્તનમ્ છે અને પ્રાકૃત દ્વાશ્રય કાવ્યનું બીજું નામ કુમારપાળ ચરિત છે.

તે પછી આચાર્યશ્રીએ કાવ્યાનુશાસન, છન્દોનુશાસનની રચના કરી છે. છન્દોનુશાસનમાં ૭૬૩ સૂત્રો છે અને આઠ અધ્યાય છે. તેમાં પ્રાકૃત અને અપભ્રંશ છંદો વિષે આપેલી માહિતી ઘણી રસપ્રદ અને અમૂલ્ય છે. તે ભારતની જુદી જુદી ભાષાઓના છંદોના ઈતિહાસ ઉપર સારો પ્રકાશ પાડે છે. તેમાંના કેટલાક શ્લોકોનું કાવ્યત્વ ઘણી ઉચ્ચકોટિનું છે.

આ ઉપરાંત તર્કશાસ્ત્ર ઉપર આચાર્યશ્રીએ 'પ્રમાણમીમાંસા' ગ્રન્થની રચના કરી છે. તે ન્યાય વિષય ઉપર સરળ ભાષામાં લખાયેલ ગ્રન્થ છે, અત્યારે ૧૦૦ સૂત્ર અને તેની ટીકાજ પ્રાપ્ય છે. આ ગ્રન્થથી આચાર્યશ્રીનું ન્યાયશાસ્ત્ર તેમજ દર્શનશાસ્ત્રોનું કેટલું ઊંડુ તલસ્પર્શી જ્ઞાન હતું તે જણાઈ આવે છે,

આ ઉપરાંત આચાર્યશ્રીએ ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર, વીતરાગસ્તુતિ (જેમાં બે દ્વાત્રિંશિકાઓના સમાવેશ થાય છે.) ની રચના કરી છે. આમ તેમનું જીવન અને સાહિત્ય બતાવે છે કે તેઓ એક મહાન્ સેવાભાવી લોકોપકારી સંત હતા તેમજ સર્વશાસ્ત્રોમાં નિપુણ હતા,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી હેમચન્દ્રાચાર્યજીની મૂર્તિ અંગે માહિતિ

ધંધુકા સોસાયટી દેરાસરજીમાં પ્રતિષ્ઠિત શ્રી હેમચન્દ્રાચાર્યની મૂર્તિ અંગે શ્રી ધંધુકા જૈન સંઘવતી શેઠશ્રી ચીમનલાલ ચત્રભુજ ભાઈએ જે માહિતી મોકલી છે તે આભાર સાથે અહીં રજુ કરીએ છીએ, તેનો બ્લોક પણ 'આત્માનંદ પ્રકાશ' માં પ્રસિદ્ધ કરવા માટે મોકલવા બદલ શ્રી ધંધુકા સંઘ તથા સોસાયટીનો અમે આભાર માનીએ છીએ.

કલિકાલસર્વજ્ઞની આ મૂર્તિ (જેનો બ્લોક આ અંકની શરૂઆતમાં આપેલ છે) હાલમાં શ્રી ધંધુકાના દેરાસરમાં પ્રતિષ્ઠિત છે. પૂ. હેમચન્દ્રાચાર્યજી સં. ૧૨૨૦માં કાળધર્મ પામ્યા અને સં. ૧૨૫૭ની સાલમાં આ મૂર્તિ જંબક મંત્રીના પુત્ર શાન્તુએ ભરાવેલ અને મહેસાણાના મોટા દેરાસરજીમાં પધરાવેલ તે શ્રી મહેસાણા સંઘના સૌજન્યથી ધંધુકા જૈન સોસાયટીના દેરાસરજીમાં સં. ૨૦૨૧માં પધરાવેલ છે.

પૂ. હેમચન્દ્રાચાર્યજીનો જન્મ ધંધુકામાં થયેલ. તેમનું સ્મૃતિમંદિર જૈન સોસાયટીમાં દેરાસરજી સામે હાલમાં થાય છે. તેમાં પૂજ્યશ્રીના જીવનના મુખ્ય પ્રસંગો પત્થરમાં કંડારીને ચિત્રપટો બનાવવાના છે. સં. ૨૦૪૫માં પ્રતિષ્ઠા કરવાની ધંધુકા જૈન સંઘની ભાવના છે.

આ બ્લોક તથા તેની માહિતી મેળવી આપનાર શ્રી ડી. સી. બેલાણી શ્રી આત્માનંદ સભાના આજીવન સભ્ય છે અને ધંધુકાના છે. બ્લોક તથા માહિતી મેળવી આપવા બદલ તેમનો આભાર.

—તંત્રી.

## સમાલોચના

**૧. અર્વાચીન જૈન જ્યોતિર્ધરો** : લેખક અને સંપાદક શ્રદ્ધેય શ્રી આત્માનંદજી પ્રકાશક શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર. કોબા. મુખ્ય મથક શ્રીમદ્ રાજચન્દ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર કોબા. જી. ગાંધીનગર—૩૮૨૦૦૯ મૂલ્ય રૂા. ૨૫-૦૦

આ ગ્રન્થમાં અર્વાચીન જૈનસમાજની અગ્રગણ્ય વિભૂતિઓની જનકલ્યાણકારી પ્રવૃત્તિઓનું સુમધુર ભાષામાં વર્ણન કરવામાં આવ્યું છે. તે હરકોઈ જૈનને પ્રેરણા આપશે અને જૈન સમાજની એકતાનું પ્રકાશકોનું ધ્યેય સફળ થાય એમ ઈચ્છીએ. ટાઈટલ પેઈજનું છાપકામ અને ચિત્ર ઉડીને આંખે વળગે એવા છે. કાગળો અને છાપકામ પણ આકર્ષક છે. પુસ્તક પ્રકાશન માટે સંસ્થાને ધન્યવાદ.

—કા. જ. દોશી

---

(અનુસંધાન ટાઈટલ ૪નું ચાલુ)

હે વીતરાગ પ્રભુ! હું એકલો જ છું (પિતા, પુત્ર, શિષ્યાદિક ઉપર મોહ રહિત હોવાથી એકલોજ છું) મારૂં કોઈ નથી, હું પણ કોઈનો નથી. આપના ચરણના શરણમાં રહેલા મારે કંઈપણ દીનતા નથી ૭.

यावन्नाप्नोमि पदवीं, परां त्वदनुभावजाम् ।
तावन्मयि शरण्यत्वं, मा मुञ्चः शरणंश्रिते ॥ ८ ॥

હે પ્રભુ! આપના પ્રસાદથી ઉત્પન્ન થયેલી પદવી (મુક્તિ) હું જ્યાં સુધી ન પામુ, ત્યાં સુધી (આપના) શરણને પામેલા મારા ઉપર શરણ્યપણાને (શરણે આવેલાની ઉપરના વાત્સલ્યને) મૂકશો નહિ. રચયિતા : કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**Atmanand Prakash** **Regd. No. G. BV. 31**

## વિતરાગ સ્તોત્ર સત્તરમો પ્રકાશ

स्वकृतं दुष्कृतं गर्हन, सुकृतं चाऽनुमोदयन ।
नाथ! तव चरणौ यामि, शरणं शरणोज्झितः ॥ १ ॥

હે નાથ, પોતે કરેલા દુષ્કર્મની નિંદા કરતો, અને સુકૃતની અનુમોદના કરતો શરણ રહિત હું આપના શરણે આવુ છું. ૧.

मनोवाक्कायजे पापे, कृतानुमतिकारितैः ।
मिथ्या मे दुष्कृतं भूयादपुनःक्रिययान्वितम ॥ २ ॥

કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રણ વડે મન, વચન અને કાયાથી ઉત્પન્ન થયેલા પાપને વિષે જે દુષ્કૃત મને લાગ્યું હોય તે ફરીથી નહિ કરવાપૂર્વક મારૂ દુષ્કૃત મિથ્યા થાઓ. ૨.

यत्कृतं सुकृतं किंचिद्, रत्नत्रितयगोचरम् ।
तत्सर्वमनुमन्येऽहं, मार्गमात्रानुसार्यपि ॥ ३ ॥

હે પ્રભુ, માત્ર આપના માર્ગને જે અનુસરનારૂં જ હોય એવું પણ જે જે કાંઇ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ રત્નત્રયના વિષયવાળું મારૂં સુકૃત હોય તે સર્વની હું અનુમોદના કરૂં છું. ૩.

सर्वेषामर्हदादीनां, यो योऽर्हत्वादिको गुणः ।
अनुमोदयामि तं तं, सर्वं तेषां महात्मनाम् ॥ ४ ॥

સર્વે તીર્થંકરાદિકના (અરિહંત, સિદ્ધ આચાર્ય, ઉપાધ્યાય ને સાધ્વીજીના) અરિહંતપણુ વગેરે જે જે ગુણ હોય, તે સર્વે મહાત્માઓના તે તે સર્વ ગુણોની હું અનુમોદના કરૂં છું. ૪.

त्वां त्वत्फलभूतान् सिद्धांस्त्वच्छासनरतान मुनीन ।
त्वच्छासनं च शरणं, प्रतिपन्नोऽस्मि भावतः ॥ ५ ॥

હે વીતરાગ પ્રભુ! હું આપનું, આપના ફળભૂત એટલે આપની બતાવેલી ક્રિયા કરવાના ફળરૂપ સિદ્ધોનું, આપના શાસનમાં રક્ત થયેલા મુનિઓનુ અને આપના શાસનનું ભાવથી (હૃદયની શુદ્ધિથી) શરણુ પામ્યો છું. ૫.

क्षमयामि सर्वान सत्त्वाम्, सर्वे क्षाम्यन्तु ते मयि ।
मैत्र्यस्तु तेषु सर्वेषु, त्वदेकशरणस्य मे ॥ ६ ॥

હે વીતરાગ પ્રભુ! હું સર્વ (ચોરાશી લાખ જીવાયોનિમાં રહેલા) જીવોને ખમાવું છું, અને તે સર્વે જીવો મારા વિષે ક્ષમા કરો. આપનાજ એક શરણમાં રહેલા મારે તે સર્વે જીવોને વિષે મૈત્રી હો. ૬.

एकोऽहं नास्ति मे कश्चिन्न चाहमपि कस्यचित् ।
त्वदङ्घ्रिशरणस्थस्य, मम दैन्यं न किञ्चन ॥ ७ ॥

(અનુસંધાન ટાઈટલ ૩ ઉપર)

તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only